# વિશ્વ ન્યાય મંદિર

## ૨૮ ડિસેમ્બર, ૨૦૧૦

ભૂખંડિય સલાહકારોના સંમેલનને.

વ્હાલા મિત્રો,

પંદર વર્ષ વીતી ગયા એ પ્રસંગને, જ્યારે આવા જ એક સંમેલનમાં, પવિત્રભૂમિમાં એકત્રિત થયેલા સલાહકારોના સમુહને અમે પહેલી વાર જણાવ્યુ હતુ કે જો બહાઈ સમુદાયે વિસ્તરણ અને દૃઢીકરણની જોડિયા પ્રક્રિયાઓને પ્રવેગશીલ કરવી હશે, તો તેણે કયો માર્ગ લેવાનો રહેશે - એક એવો માર્ગ જેના પર વિશ્વાસપૂર્વક આગળ ધપવા માટે ભૂતકાળના બધા અનુભવોએ તેને સારી રીતે તૈયાર કર્યો હતો. દોઢ દાયકાના ટૂંકા ગાળામાં આપણે કેટલા આગળ વધી ગયા છીએ તે વિષે વાત કરવાની કશી જરૂર જણાતી નથી. હાંસલ કરાયેલી સિદ્ધિઓ જ તેનો પૂરતો પુરાવો છે. આજે અમે તમને આમંત્રણ આપીએ છીએ કે બહાઈ જગત જે મહાન સાહસ પર આગેકૂચ કરી રહ્યું છે તેના આવતા તબક્કા વિષે તમે ચર્ચા-વિચારણાઓનો પ્રારંભ કરો; આવતો તબક્કો રિઝવાન, ૨૦૧૧ થી રિઝવાન, ૨૦૧૬ સુધી ચાલશે, અને તે આવતી બે પાંચ વર્ષીય યોજનાઓમાંની પહેલી યોજના હશે; આ બે યોજનાઓની પૂર્ણાહુતિ બહાઈ ધર્મના રચનાત્મક યુગના ઉદ્‌ઘાટનની સદીની સાથે સાથે થશે. અમે સૂચવીએ છીએ કે, બહાઈ સમુદાયે મેળવેલી અસાધારણ સિદ્ધિઓને વધારે બુલંદ કરવામાં સલાહકારો અને તેમના સહાયકો કેવી રીતે મદદરૂપ બનશે તે વિષે તમે આવતા દિવસોમાં એક સ્પષ્ટ માળખું તૈયાર કરો (જે નીચેના પાસાઓને આવરી લેતું હોય) - શિક્ષણના પ્રયાસોમાં શિખવાનું વલણ, કે જે હવે એક લાક્ષણિકતા બની ગઈ છે તે બહાઈ પ્રવૃત્તિઓના બીજા પાસાઓમાં ફેલાવવી; તેણે જે સાધનો અને પદ્ધતિઓ અતિશય પરિશ્રમથી વિકસાવ્યાં છે તેઓમાં એક ઊચ્ચ કક્ષાનો સમન્વય લાવવો, અને જેઓ પરમેશ્વર-બક્ષિત ઉદ્દેશને સિદ્ધ કરવામાં તનતોડ મહેનત કરી રહ્યાં છે, અને જેઓ બહાઈ ધર્મના લક્ષ્ય પ્રત્યે સચેતન છે, તેમની સંખ્યામાં અભૂતપૂર્વ વૃદ્ધિ કરવી.

આ વર્ષના રિઝવાનના સંદેશમાં અમે, પાછલી ચાર વિશ્વવ્યાપી યોજનાઓ દરમ્યાન, (પ્રભુધર્મનો વિકાસ કરવા વિષે) શિખવાની જે પ્રક્રિયા વધારે ને વધારે વેગવાન બની રહી છે, અને જેના દ્વારા સ્થાનિક સ્તરે કાર્યો કરવા માટે મિત્રોની ક્ષમતાઓમાં વધારો થઈ રહ્યો છે, તે પ્રક્રિયાના વિવિધ પાસાઓનું વર્ણન કર્યુ હતુ. આજે સ્થાનિક સ્તરે બહાઈ સમુદાયોને જોઈએ તો એક ખરેખર પ્રભાવશાળી દૃશ્ય દેખાય છે. વિશ્વભરમાં ૩,૫૦,૦૦૦થી વધારે લોકોએ તાલીમ સંસ્થાનો પહેલો કોર્સ પૂરો કર્યો છે; અને આનાથી એક ભક્તિમયતા દ્વારા વિશિષ્ટ બનેલી જીવન-પ્રણાલિને સ્વરૂપ આપવાની ક્ષમતામાં નોંધપાત્ર વધારો થયો છે. અનુયાયીઓનાં જૂથો બધા ભૂખંડોમાં, અનેકવિધ વાતાવરણોમાં, બીજાઓની સાથે એકત્રિત થઈને પ્રાર્થનાઓ કરી રહ્યાં છે, અને હૃદયપૂર્વક પોતાના સૃષ્ટાને યાચના કરી રહ્યાં છે; અને તેમના વ્યક્તિગત અને સામુહિક પ્રયાસો જેમના પર અવલંબિત છે તે આધ્યાત્મિક પરિબળોને સહાય આપવા માટે પોકારી રહ્યાં છે. છેલ્લા પાંચ વર્ષના ગાળામાં બહાઈ બાળવર્ગોના શિક્ષકોની સંખ્યા બમણી થઈને ૧,૩૦,૦૦૦ બની છે, જેમને કારણે બહાઈ સમુદાય માટે બાળકોની આધ્યાત્મિક આકાંક્ષાઓને ફળીભૂત કરવા માટે જરૂરી શિક્ષણ પ્રદાન કરવાનું આજે શક્ય બન્યું છે. આ જ ગાળા દરમ્યાન, કિશોરોને તેમના જીવનના અત્યંત મહત્ત્વના ગાળામાંથી ધ્યેયપૂર્વક

પસાર થવા માટે સહાય કરી શકે તેવા અનુપ્રેરકોની સંખ્યામાં છ ગણો વધારો થયો છે, જે તે ઉંમરના કિશોરવર્ગ માટેની બહાઈ સમુદાયની નિષ્ઠા દર્શાવે છે. આના ઉપરાંત, જાત-ભાતનાં અને અનેકવિધ વિષયોમાં રસ ધરાવતા લોકો સાથે વાર્તાલાપ શરૂ કરવા માટે મિત્રો નોંધપાત્ર સંખ્યામાં ક્ષમતાઓ મેળવી રહ્યાં છે, અને તેમની સાથે મળીને (મનુષ્ય અને સમાજની) વાસ્તવિકતા શું છે તે શોધી રહ્યાં છે; આ શોધ દ્વારા તેઓ બધા માનવ ઈતિહાસના વર્તમાન યુગની જરૂરિયાતો વિષે, અને આ જરૂરિયાતો પૂરી પાડવાના રસ્તાઓ વિષે, એક નવી સમજણ પ્રાપ્ત કરી રહ્યાં છે. અને આશરે ૭૦,૦૦૦ મિત્રો ટ્યૂટરો તરિકે સેવા આપવા માટે સક્ષમ થયા છે, જેમના જ્ઞાનકેન્દ્રોમાં કોઇપણ સમયે પાંચ લાખથી વધારે લોકો સહભાગી થઈ રહ્યાં છે, અને આ પ્રક્રિયા પરિણામે પૃથ્વીભરમાં મુખ્ય પ્રવૃત્તિઓમાં પદ્ધતિસરપણે ગુણાકારાત્મક વધારો કરવાનું ઈંધણ બની છે.

અમે રિઝવાનના સંદેશમાં સમજાવ્યું હતું તેમ, માનવસંસાધનના વિકાસ માટેની જે પદ્ધતિનું નિર્માણ થયું છે, તે પદ્ધતિમાં પરમ મહાન નામ [બહાઉલ્લાહ]નો સમુદાય એક અપાર શક્તિઓભર્યું સાધન ધરાવે છે. અનેકવિધ સામાજીક પરિસ્થિતિઓમાં, અને દુનિયાના કોઈપણ ક્ષેત્રસમુહમાં, [આ પદ્ધતિનો ઉપયોગ કરીને] એક સતત વિકસતો માનવસમુહ એક નવી વિશ્વ-વ્યવસ્થાના ધ્યેય તરફ પ્રયાણ કરવા માટે સક્ષમ બન્યો છે. એક દાયકા પહેલાં અમે જ્યારે સૌપ્રથમવાર ક્ષેત્રસમુહ (ક્લસ્ટર) ની વ્યાખ્યા કરી હતી ત્યારે આ ક્ષેત્રસમુહો પ્રગતિના માર્ગે ચાલતા ચાલતા જે ચાર બહોળા તબક્કાઓ પસાર કરશે, તેની રૂપરેખા અમે દર્શાવી હતી. જેમ જેમ બહાઈ સમુદાય પંચ વર્ષીય યોજનાના વિવિધ પાસાઓને અમલમાં મૂકવા લાગ્યો, તેમ તેમ દેખાતું ગયું કે ક્ષેત્રસમુહોની પ્રગતિની પ્રક્રિયાને (કે જે મૂળભૂત રીતે જ એક લાંબાકાળની પ્રક્રિયા છે, તેને) સ્પષ્ટ સ્વરૂપ આપવા માટે આ રૂપરેખા ખૂબ જ ઉપયોગી નિવડી છે. ત્યાર બાદ આ પ્રક્રિયા વિષે જે બહોળા અનુભવો એકઠા થયા છે, તેમના આધારે હવે કોઇપણ ક્ષેત્રસમુહની પ્રજાના વિકાસને, આધ્યાત્મિક પરિબળો દ્વારા પ્રેરિત થઈને, એક વિપુલતાભરી અને ગતિશીલ એવી સાતત્યપૂર્ણ પ્રક્રિયા તરિકે જોવાનું શક્ય બન્યું છે. ક્ષેત્રસમુહોમાં જે પ્રક્રિયાનો વિકાસ થાય છે તેનાથી તમે પરિચિત જ છો, તો પણ તેનું આપણે સંક્ષેપમાં નિરૂપણ કરીએ, કે જેના દ્વારા તેની મૂળભૂત પ્રકૃતિનું સેન્દ્રિયપણું સ્પષ્ટપણે ઊભરાઈ આવશે.

<u>વિકાસનો કાર્યક્રમ</u>

કોઈપણ ક્ષેત્રસમુહમાં પ્રભુધર્મના વિકાસની પ્રક્રિયાની શરૂઆત ત્યારે થાય છે જ્યારે ત્યાં રહેતા બહાઈ અનુયાયીઓ, કે ફક્ત એક પાયોનિયર, ત્યાંના સ્થાનિક રહેવાસીઓ સાથે અર્થપૂર્ણ અને આધ્યાત્મિક વિશિષ્ટતા ધરાવતા વાર્તાલાપોની શરૂઆત કરે છે; આવા વાર્તાલાપો શરૂ કરવા માટે જરૂરી મોકાઓ તે બહાઈઓનાં વ્યક્તિગત સંજોગોમાંથી ઉદ્‌ભવે છે. વિકાસની પ્રક્રિયાઓનો આરંભ કઈ મુખ્ય પ્રવૃત્તિથી થાય છે તે આ સંજોગો પર નિર્ભર રહે છે. થોડાક મિત્રો કે સહકાર્યકરોનું એક જ્ઞાનકેન્દ્ર, અથવા પાડોશમાં રહેતાં બાળકો માટે એક બાળવર્ગ, અથવા એક કિશોરોનું જૂથ, અથવા કુટુંબીજનો અને મિત્રો માટે આયોજીત પ્રાર્થના સભાઓ - આમાંથી કોઈપણ એક પ્રવૃત્તિથી વિકાસની પ્રક્રિયા શરૂ થઈ શકે છે. આના પછી શું થાય છે તેનો કોઈ પૂર્વનિર્ધારિત માર્ગ નથી. કેટલીક પરિસ્થિતિઓમાં એવું શક્ય છે કે એક મુખ્ય પ્રવૃત્તિ પર ધ્યાન અપાય, અને તેની સંખ્યા બીજી મુખ્ય પ્રવૃત્તિઓ કરતાં વધારે ઝડપથી વધતી જાય. અને બીજી પરિસ્થિતિઓમાં એ શક્ય છે કે ચારે મુખ્ય પ્રવૃત્તિઓનો એકસરખો વિકાસ થાય. આ શરૂઆતના તબક્કામાં પ્રવૃત્તિઓને વેગ આપવા માટે બહારથી બહાઈ મિત્રોના જૂથોને બોલાવી શકાય છે. મુખ્ય પ્રવૃત્તિઓનો વિકાસ આ પ્રારંભિક તબક્કામાં ગમે તે માર્ગે આગળ વધે, પણ તે બધાંનું પરિણામ એક જ હોવું જોઈએઃ દરેક ક્ષેત્રસમુહમાં બધી મુખ્ય પ્રવૃત્તિઓની વચ્ચે એવો સમન્વય સધાવો જોઈએ કે તેમને સામુહિક રીતે જોઈએ ત્યારે તેઓમાં ધર્મના સાતત્યપૂર્ણ વિસ્તરણ અને દઢીકરણ માટેનો એક પ્રારંભિક તબક્કો નિહાળી શકાય. બીજા શબ્દોમાં કહીએ

તો, પ્રાર્થનાસભાઓ, બાળવર્ગો અને કિશોર જૂથો એવા મિત્રો દ્વારા ચાલતા હોવા જોઈએ કે જેઓ તાલીમ સંસ્થાનો પાઠ્યક્રમ અનુક્રમે કરવામાં આગળ વધી રહ્યાં હોય, અને તેમને વ્યક્તિગત અને સામુહિક પરિવર્તનની દૂરદ્રષ્ટિમાં નિષ્ઠા હોય. વિકાસની પદ્ધતિસર કાર્યવિધિઓ કરવા માટે માનવ સંસાધનનું આ જે પહેલું મોજું આવે છે તે સાતત્યપૂર્ણ વિકાસની પ્રક્રિયાના અનેકવિધ ચરણોનું પહેલું ચરણ દર્શાવે છે.

વિશ્વવ્યાપી યોજનાઓની વર્તમાન શ્રેણીના ધ્યેયને પ્રાપ્ત કરવામાં જે સંસ્થાઓ અને સમિતિઓ સંકળાયેલી છે તેઓમાં આ ક્રિયાશીલ પ્રક્રિયાના જન્મ માટે જરૂરી સતર્કપણું હોય તે આવશ્યક છે; પણ તે બધી સંસ્થાઓમાં સહાયક મંડળના સદસ્યોની ભૂમિકા સૌથી વિશેષ છે. આ પહેલા અને અગત્યના ચરણના ધ્યેયનું, અને તે ધ્યેયને પ્રાપ્ત કરવાના વિવિધ રસ્તાઓનું, એક સ્પષ્ટ ચિત્ર ઊભું કરવા માટે મિત્રોને સહાય કરવી, તે સહાયક મંડળના સદસ્ય, અને તેના મદદનીશો,નાં કર્તવ્યોનું એક મુખ્ય પાસુ છે. તેમના બધા કર્તવ્યોની માફક, આ કાર્ય માટે પણ તેમનામાં દ્રષ્ટિની વ્યાપકતા અને વિચારોની સ્પષ્ટતા, લચીલાપણું અને ઉપાયચતુરતા હોવાં જોઈએ. તેમણે મિત્રો સાથે ખભેખભા મિલાવીને ચાલવું જોઇએ, સંઘર્ષોમાં એમને ટેકો આપવો જોઇએ, અને એમની ખુશીઓમાં સહભાગી થવું જોઇએ. આમનામાંના કેટલાક મિત્રો ઝડપથી પ્રવૃત્તિઓ કરવામાં આગેવાની કરશે, અને બીજા મિત્રો અચકાતાં અચકાતાં પ્રવૃત્તિઓમાં ભાગ લેતાં થશે; પણ આ બધાંને પ્રોત્સાહન અને સાથની જરૂર હશે; અને આ પ્રોત્સાહન અને સાથ ફક્ત વાંચન દ્વારા પ્રાપ્ત કરાયેલા જ્ઞાનના આધારે કરાશે તો તે પૂરતા નહીં હોય; એ સેવાના ક્ષેત્રમાં સાથે સાથે કામ કરીને જે અનુભવ મેળવાય છે તેના આધારે કરવા જરૂરી હશે. અનુયાયીઓને આ વિશ્વવ્યાપી યોજનામાં ખરા હ્રદયપૂર્વક સહભાગી થવા માટે પ્રોત્સાહન આપવા માટે જે મિત્રો જવાબદાર છે તેઓ માટે એ જરૂરી છે કે સેવા કરવાની ઈચ્છા ધરાવતી દરેક વ્યક્તિની ક્ષમતામાં તેઓને શ્રદ્ધા હોય. જો તેમણે અચકાટને ઈશ્વરની શ્રદ્ધામાંથી ઉદ્‌ભવતી હિંમતમાં, અને ક્ષણજીવી ઉત્તેજનાની વાંછનાને લાંબાકાળ સુધી સેવા કરવાની નિષ્ઠામાં બદલવી હશે, તો પિતૃભાવરહિત અમર્યાદિત પ્રેમ અનિવાર્ય હશે. જો રસ્તામાં આવતાં વિઘ્નોને વિકાસના પગથિયાં કેવી રીતે બનાવવાં તે દેખાડવું હશે તો સ્વસ્થ દ્રઢતા આવશ્યક બનશે. અને એકજૂટ કાર્યપદ્ધતિને સમજવામાં કેટલાક મિત્રોમાં પ્રશ્નો ઉદ્‌ભવે તેમને જાણવા માટે એ મિત્રોની વાતોને ધીરજપૂર્વક, અને આધ્યાત્મિક સંવેદનશીલતા સાથે, સાંભળવી તે ખૂબ મૂલ્યવાન સાબિત થશે.

<u>સઘનતામાં વધારો</u>

જેમ વિકાસની પ્રક્રિયાઓની સ્થાપના થતી જાય છે, તેમ તેમ એક સામુદાયિક ચેતનાનો ઉદ્‌ભવ થાય છે; અને આ ચેતના વિકાસની દિશાનું નિર્માણ કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. બધી પ્રવૃત્તિઓ ક્ષેત્રસમુહમાં વેરવિખેર જગ્યાઓએ થતી હોય, કે એક જ ગામ કે ફળિયામાં કેન્દ્રિત થયેલી હોય, પણ મિત્રોના બધા પ્રયાસોમાં એક ધ્યેયપૂર્ણ એકતા હોવી જોઈએ. પ્રવૃત્તિઓનાં પ્રાથમિક તબક્કાઓમાં સંગઠનનું પ્રમાણ ભલે ઓછું-વધતું હોય, પણ મુખ્ય પ્રવૃત્તિઓમાં પદ્ધતિસર અને સમન્વયપૂર્વક ગુણાકારાત્મક વધારો કરવા માટે વધારે ઊંચા સ્તરનું સંગઠન આવશ્યક બની જાય છે. વિવિધ પગલાંઓ દ્વારા પ્રવૃત્તિઓને એક ઘાટ અપાય છે; અને (પ્રવૃત્તિઓ કરવા માટેની પહેલ), જે શરૂઆતમાં વ્યક્તિઓ પર નિર્ભર હોય છે, તેને હવે એક સામુહિક સ્વરૂપ મળે છે. તાલીમ સંસ્થા દ્વારા સંયોજકોની નિમણૂંક થાય છે - જ્ઞાન કેન્દ્રો, કિશાર જૂથો અને બાળ વર્ગો માટે. આ નિમણૂંક તાલીમ સંસ્થા કોઇપણ ક્રમમાં કરી શકે છે; અને તે કયા ક્રમમાં કરવી એ નિર્ણય લેવા માટે ક્ષેત્રસમુહમાં ચાલી રહેલી પ્રવૃત્તિઓ અને સમુદાયની પરિસ્થિતિઓનું સૂક્ષ્મતમ જ્ઞાન હોવું અનિર્વાય છે; કારણકે અહીં ધ્યાન એક પૂર્વનિર્ધારિત રીતનું અનુસરણ કરવા પર નથી રાખવાનું; પણ પ્રશિક્ષણની એ પ્રક્રિયાના વિકાસ પર રાખવાનું છે જેમાં મોટી સંખ્યામાં લોકોમાં આધ્યાત્મિકતા જગાડવાનું સામર્થ્ય દેખાઈ રહ્યું છે.

તાલીમ સંસ્થાની પ્રક્રિયાઓના વિકાસ માટે જ્યારે સંરચનાઓ થઈ રહી હોય છે, ત્યારે સાથે સાથે બીજા વહીવટી માળખાઓ પણ આકાર લે છે. ગણ્યાગાંઠ્યા મિત્રોની અનિયમિત બેઠકોમાંથી ધીરે ધીરે એક સતત-વિસ્તરતું, નિયમિતપણે મળતાં મિત્રોનું જૂથ સ્થપાય છે, જે સેવાના ક્ષેત્રમાં વધારે ને વધારે લોકોને સાંકળવા માટે ચર્ચા-વિચારણાઓ કરતું થાય છે. જેમ જેમ વિકાસની પ્રક્રિયાઓ વધારે વેગવાન બને છે, તેમ તેમ આવી અનૌપચારિક ચર્ચા-વિચારણાઓ આયોજન અને નિર્ણયો લેવા માટે અપૂરતી બની જાય છે; અને ત્યારે એક ક્ષેત્રીય વિકાસ સમિતિની સ્થાપના થાય છે, અને સમીક્ષા બેઠકોને એક નિશ્ચિત સ્વરૂપ અપાય છે. ક્ષેત્રીય વિકાસ સમિતિ, તાલીમ સંસ્થાના ક્ષેત્રીય સંયોજકો અને સહાયક મંડળના સદસ્યો વચ્ચેના પરસ્પર સંપર્ક અને ચર્ચા-વિચારણાઓ દ્વારા પ્રવૃત્તિઓના સમન્વય માટેની એક સંપૂર્ણ સંરચનાની સ્થાપના થાય છે - આ સંરચનામાં માર્ગદર્શન, નાણાં અને માહિતીને ત્વરિતપણે પહોંચાડવાની નિહિત ક્ષમતા રહેલી છે. જ્યારે ક્ષેત્રસમુહ આ તબક્કે પહોંચે છે ત્યારે ત્યાં વિકાસની પ્રક્રિયાઓમાં એક લયબદ્ધતા સ્થપાઈ હોય છે - જેમાં વિસ્તરણ અને દૃઢીકરણનાં ચક્રો નિર્વિઘ્ને વિકસી રહ્યાં હોય છે, અને આ ચક્રો દરમ્યાન દર ત્રણ મહિને સમીક્ષાઓ કરવા માટે, અને યોજનાઓ બનાવવા માટે બેઠકો થઈ રહી હોય છે.

આ તબક્કા દરમ્યાન પણ, સહાયક મંડળનાં સદસ્યોએ, અને બીજી સહભાગી સંસ્થાઓ અને સમિતિઓ, જેમ કે ક્ષેત્રીય/રાજ્ય બહાઈ પરિષદે અને તાલીમ સંસ્થાએ, ધ્યાન રાખવું પડશે કે ક્ષેત્રસમુહમાં સ્થપાઈ રહેલી વહીવટીય સંસ્થાઓ [જેમ કે ક્ષેત્રીય વિકાસ સમિતિ અને તાલીમ સંસ્થાની ટીમ]માં આવશ્યક ગુણવત્તાઓનો વિકાસ થાય. રૂહી પાઠ્યક્રમની શ્રૃંખલા, જે પરિવર્તનની પ્રક્રિયામાં ખૂબ જ અસરકારક રીતે સહાયક બની રહી છે, તેના દ્વારા એક એવું વાતાવરણ સર્જાય છે કે જેમાં સર્વ લોકોને સહભાગી થવાનો મોકો મળે છે, અને પરસ્પર પ્રોત્સાહન અને સહાયતા સ્વાભાવિક બની જાય છે. આવા વાતાવરણમાં બધા સહભાગીઓ પોતાને સેવાના માર્ગ પર સાથોસાથ ચાલતાં જૂએ છે, અને તેમની વચ્ચે જે સંબંધોની સ્થાપના થાય છે તેની લાક્ષણિકતાઓનું અમે રિઝવાનના સંદેશમાં વર્ણન કર્યું હતું; અને આ વાતાવરણની ધર્મની વહીવટી સંસ્થાઓ પર જે અસર પડે છે તે પણ અમે દર્શાવ્યું હતું. જેમ જેમ વધારે ને વધારે સંખ્યામાં અનુયાયીઓ શિક્ષણ અને વહીવટીય કાર્યોમાં એક અતિ વિનમ્રતાભર્યા, શિખવાના વલણ સાથે, ભાગ લેતાં થાય છે તેમ તેમ તે બધાંએ દરેક કાર્ય, અને દરેક વાતચીતને પ્રગતિના પંથે આગળ ધપવાના, અને ધર્મની સેવાનાં પ્રયત્નોમાં એકબીજાને સાથ આપવાના, મોકાઓ તરિકે નિહાળવાં જોઈએ. આમ કરવાથી વધારે પડતી શિખામણો આપવાની વૃત્તિ આપોઆપ શાંત થઈ જશે. તે ઉપરાંત, [આધ્યાત્મિક] પરિવર્તન, કે જે એક જટિલ પ્રક્રિયા છે, તે સાવ સીધીસાદી સૂચનાઓનું અનુસરણ કરવાથી પ્રાપ્ત થઈ શકે છે એ માન્યતાનું પણ નિવારણ થઈ જશે. એકલવાયાં કાર્યોને પણ આનાથી એક સંદર્ભ મળશે, અને નાનામાં નાના પગલાઓમાં પણ એક ધ્યેય જોઈ શકાશે. સેવાના ક્ષેત્રમાં આધ્યાત્મિક પરિબળોનો ફાળો વધારે ને વધારે દેખીતો બનશે, અને વિકાસની પ્રક્રિયાઓ માટે અતિ-આવશ્યક એવાં મિત્રતાનાં બંધનો વધારે ને વધારે મજબૂત બનતાં જશે.

વિકાસ પામી રહેલી પ્રક્રિયાઓ, વૃદ્ધિ પામી રહેલી કાર્યપદ્ધતિઓ અને લાંબાકાળ માટે બંધાઈ રહેલી મિત્રતાઓ, આ બધું જે ક્ષેત્રસમુહોમાં પ્રગતિ કરી રહ્યાં હોય છે તે દરેકમાં એક એવો તબક્કો આવે છે જે "સઘન વિકાસ કાર્યક્રમ"ના પ્રારંભ તરિકે ઓળખાવા લાગ્યો છે. આ તબક્કો દર્શાવે છે કે વિસ્તરણ અને દૃઢીકરણ માટે જરૂરી બધાં તત્ત્વો ક્ષેત્રસમુહમાં અસરકારકપણે કાર્યરત છે. આ તબક્કા પર ત્યારે પહોંચાય છે જ્યારે ક્ષેત્રસમુહની પ્રજાના આધ્યાત્મિક પરિવર્તન માટેની સતત-વિકસતી, સ્વનિર્ભર કાર્યવ્યવસ્થામાં પરિપક્વતા આવી જાય છે: મિત્રોનો એક અવિરત પ્રવાહ તાલીમ સંસ્થાના પાઠ્યક્રમનો અભ્યાસ કરી રહ્યો હોય છે, અને પછી સેવા પ્રવૃત્તિઓમાં રત થતો હોય છે; આ પ્રવૃત્તિઓ દ્વારા વધુને વધુ લોકો બહાઈ ધર્મને અપનાવતાં હોય છે, અને તેમાંના મોટા ભાગનાં લોકો તાલીમ સંસ્થાના પાઠ્યક્રમના અભ્યાસમાં જોડાતા

હોય છે, કે જેથી આ ચક્ર અવિરતપણે વિકસતું જતું હોય છે. મિત્રો જે બધા ક્ષેત્રસમુહોમાં પ્રવૃત્તિઓ કરી રહ્યાં છે તે બધે, સમય જતાં, આ મુકામ પર પહોંચવાનું છે.

અમે પહેલાના ઘણા સંદેશાઓમાં વર્ણવેલી વાતો ઉપરના ફકરાઓમાં ફરીવાર દોહરાવી છે. આમ કરવામાં અમારી આશા એ છે કે અમે ભારપૂર્વક દર્શાવીએ કે કોઈપણ પ્રજાનો આધ્યાત્મિક વિકાસ બહાઈ ધર્મના ધ્યેય અને સિદ્ધાંતો દ્વારા પ્રેરાયેલી પ્રક્રિયાઓ દ્વારા કેટલી સહેલાઈથી પોષી શકાય છે. અમને એવી જરાયે ભમણા નથી કે આ માર્ગ મુશ્કેલીઓ વિનાનો હશે. પ્રગતિ હંમેશા આપત્તિ અને વિજયના એકાંતરે આવવાથી જ થાય છે, અને રસ્તામાં વિઘ્નો આવવાં તે અનિવાર્ય છે. સહભાગીઓ ઓછા થઈ જવા, વિકાસના ચક્રોમાં વિક્ષેપ પડવા, અને એકતાના બંધનોમાં તિરાડો પડવી - આવી અનેક કસોટીઓનો સામનો કરવો જ પડશે. ત્વરાપૂર્ણ વિસ્તરણ માટે જરૂરી ક્ષમતા ઘણીયે વાર પૂરતી માત્રામાં ઉપલબ્ધ નહીં હોય. પણ આવા સંજોગોમાંથી બહાર આવવા માટે જો પૂર્વનિર્ધારિત સૂત્રો લાદવામાં આવશે તો તેમનાથી કોઈ ધાર્યું પરિણામ નહીં આવે. વિવિધ પ્રવૃત્તિઓના વિકાસમાં વચ્ચે વચ્ચે અસમતુલનો આવી જાય તે સ્વાભાવિક છે, અને જો ધીરજપૂર્વક કામ લેવાશે તો સમય જતાં તેમને સમતુલિત બનાવી શકાશે. બધી પ્રવૃત્તિઓનો એકસરખો વિકાસ થવો જોઈએ એમ વિચારવું ઘણી વાર ભૂલભરેલુ સાબિત થાય છે; એટલે જો ફક્ત એક જ મુખ્ય પ્રવૃત્તિમાં ફળદાયક વધારો થઈ રહ્યો હોય તો તેને આવા વિચારને આધારે રોકી ન દેવી જોઈએ. કોઈપણ ક્ષેત્રસમુહના મિત્રોને બીજા વધુ પરિપક્વ ક્ષેત્રસમુહોના અનુભવોથી ઘણું શિખવા મળશે, પણ આખરે તો તેઓ તેમનાં પોતાનાં કાર્યો, સમીક્ષાઓ અને પરામર્શ દ્વારા જ પોતાના ક્ષેત્રસમુહની વિશિષ્ટ પરિસ્થિતિઓને સમજતાં થશે, પોતાનાં વિકાસનો માર્ગ જોઈ શકશે, પોતાના સંસાધનોનો ઉપયોગ કરતાં શિખશે, અને વિશાળ સ્તરનાં વિસ્તરણ અને દૃઢીકરણની જરૂરિયાતોને પૂરી પાડવા માટે તૈયાર થશે.

વિશ્વભરમાં આજે ૧૬૦૦ એવા ક્ષેત્રસમુહો છે જ્યાં સઘન વિકાસ કાર્યક્રમ સાથે સંકળાયેલી કાર્યપદ્ધતિનું સર્જન મિત્રોએ સફળતાપૂર્વક કર્યું છે. આ સિદ્ધિ મહત્ત્વની તો છે જ, પણ એનો અર્થ એવો નથી કે આ ક્ષેત્રસમુહોમાં વિકાસની પ્રક્રિયાઓ તેના સર્વોચ્ચ સ્તરે પહોંચી ગઈ છે. હવે અહીંના મિત્રો સમક્ષ બીજી ઘણી બધી નવી વસ્તુઓ શિખવાના દ્વાર ઊઘડ્યાં છેઃ એવા પ્રવૃત્તિમય સમુદાયની સ્થાપના, જે સતત વૃદ્ધિ પામી રહ્યો હોય, અને જે માનવસમાજ માટેના બહાઉલ્લાહના આદર્શને વધારે ને વધારે પ્રમાણમાં અભિવ્યક્ત કરતો હોય. આવા ક્ષેત્રસમુહોએ પાયોનિયરોના સ્ત્રોત પણ બનવું પડશે, અને મુખ્યત્ત્વે આસપાસના વિસ્તારોમાં એક પછી એક ક્ષેત્રસમુહમાં તેમને મોકલવા પડશે, જ્યાં કેટલીક જગ્યાઓએ તેઓ બહાઉલ્લાહના પ્રગટીકરણના પ્રકાશનાં સર્વપ્રથમ કિરણો બનશે, અને બીજી જગ્યાઓએ ત્યાં ચાલી રહેલી બહાઈ પ્રવૃત્તિઓને વધુ સક્ષમ બનાવશે, કે જેથી આ બધી જ જગ્યાઓ વિકાસના માર્ગના પ્રથમ મુકામ પર, અને તેનાથી આગળ, ઝડપભેર પહોંચી શકે. આ લક્ષ્યને ધ્યાનમાં રાખીને, રિઝવાન, ૨૦૧૧માં બહાઉલ્લાહના વિશ્વવ્યાપી સમુદાયને અમે આહ્વાન આપીશું કે જ્યાં ઓછી કે વધતી સઘનતા ધરાવતી વિકાસની પ્રક્રિયાઓ ચાલી રહી હોય એવા ક્ષેત્રસમુહોની સંખ્યા આવતા પાંચ વર્ષમાં ૫૦૦૦ સુધી લઈ જવાય. આ સંખ્યા [૫૦૦૦] વિશ્વના કુલ ક્ષેત્રસમુહોની સંખ્યાનો આશરે ત્રીજો ભાગ હશે.

## શિખવાની પ્રક્રિયાઓમાં પ્રગતિ

બહાઈ સમુદાયની વૃદ્ધિ માટે ઈતિહાસના દરેક તબક્કા દરમ્યાન તે તબક્કાની પરિસ્થિતિઓને અનુરૂપ પદ્ધતિઓ અપનાવાઈ છે. ઉપરના ફકરાઓમાં, અને પાછલા દોઢ દાયકાના ઘણા સંદેશાઓમાં, અમે પ્રગતિ માટેની જે પ્રક્રિયા દર્શાવી છે તેને આપણે આવી એક પદ્ધતિ તરિકે જોવી જોઇએ. એકસો સાઠ વર્ષ પહેલા પ્રભુધર્મના જન્મસ્થાન (ઈરાન)માં જ્યારે એક નવયુગના આહ્વાનનો હજારો લોકોએ પ્રતિસાદ કર્યો હતો

ત્યારે તેમાંથી ઉત્પન્ન થયેલા જુસ્સા દ્વારા, વૃદ્ધિની આ દિવ્ય પ્રક્રિયાની શરૂઆત થઈ હતી; અને ત્યારના અનુયાયીઓ જ્યારે બહાઉલ્લાહના સંદેશને પૂર્વના પાડોશી દેશોમાં, અને પશ્ચિમમાં કેટલીક જગ્યાઓએ, લઈ ગયા ત્યારે તેમના આ પ્રયત્નોથી આ પ્રક્રિયા વેગમાન બની હતી. અબ્દુલ બહાએ જ્યારે 'દિવ્ય યોજનાની પાતીઓ' પ્રગટ કરી ત્યારે એ પ્રક્રિયાની પદ્ધતિ વધુ સ્પષ્ટ બની હતી, અને જ્યારે ધર્મસંરક્ષકના માર્ગદર્શન હેઠળ દુનિયાભરમાં બહાઈઓએ ફેલાઈ જઈને બહાઈ પ્રવૃત્તિઓનાં નાના કેન્દ્રો સ્થાપ્યાં, અને વહીવટી વ્યવસ્થાના સૌપ્રથમ પાયાઓ ઊભા કર્યા, ત્યારે એ જ પ્રક્રિયાને વધારે વેગ મળ્યો હતો. પછી વિશ્વના ગ્રામ્ય વિસ્તારોમાં જ્યારે વિશાળ સંખ્યામાં લોકોએ બહાઈ ધર્મ અપનાવ્યો ત્યારે આ પ્રક્રિયા વધારે પ્રબળ બની; પણ પછી મિત્રો જ્યારે મોટા પાયા પર વિસ્તરણ અને દ્રઢીકરણની પ્રક્રિયાઓનું સાતત્ય જાળવવાના રસ્તાઓ શોધી રહ્યા હતા ત્યારે આ પ્રક્રિયા ધીમી પડી ગઈ હતી. અને આ દાયકાઓ દરમ્યાન એકઠા કરાયેલા અનુભવોમાંથી જે અઘરા પણ મૂલ્યવાન પાઠ શીખવા મળ્યાં હતાં તેમના આધારે ચાર વર્ષીય યોજનાના આરંભ સમયે [૧૯૯૬માં] અમે જ્યારે બહાઈ જગતને પ્રશિક્ષણ કાર્યોને પદ્ધતિસર બનાવવાનું આહ્‌વાન આપ્યું, ત્યારથી છેલ્લા પંદર વર્ષમાં આ પ્રક્રિયા સાતત્યપણે પ્રવેગમાન બની રહી છે. આ નવી વિકાસની પદ્ધતિ ઘણી જ અસરકારક તો નીવડી જ છે, પણ જ્યારે તે કોઈ ક્ષેત્રસમુહમાં દ્રઢપણે સ્થપાશે ત્યારે તેમાં હજૂયે ઘણી વધારે જટિલતાનો વિકાસ થશે, અને પ્રભુધર્મમાં નિહિત સમાજ-ઘડતરની શક્તિ તેના દ્વારા વધારે પ્રદર્શિત થશે.

વિશ્વવ્યાપી બહાઈ સમુદાયના વિકાસના સંદર્ભમાં આપણા પ્રિય ધર્મસંરક્ષકે ઘણી વાર મિત્રોને તેમના ધ્યેયમાં દ્રઢ રહેવા માટે, અને તેમના પ્રયત્નોમાં ખંતીલા બનવા માટે, પ્રોત્સાહન આપ્યું હતું. એમણે સંતોષપૂર્વ ક નોંધ્યું હતું કે, "પોતાના ઊચ્ચ ધ્યેયો પ્રત્યે સજાગ, અને તેમનો ધર્મ જે સમાજ-ઘડતરની શક્તિઓ ધરાવે છે તેમાં શ્રદ્ધાવાન, એવા તેઓ બહાઉલ્લાહની વિશ્વવ્યવસ્થા, જે અત્યારે શિશુઅવસ્થામાં છે, તે પરિપક્વ બને અને વિકાસ પામે, એને માટે જરૂરી સાધનોના સર્જન માટેના, અને તેમને પરિપૂર્ણ બનાવવા માટેના, પ્રયત્નોમાં નિરુત્સાહી કે નાહિંમત થયા વગર આગળ ધપી રહ્યાં છે." અને આગળ તેમણે કહ્યું હતું, "આ ધીમી અને સૌમ્ય બંધારણની પ્રક્રિયા" નિરાશ પામેલા માનવસમાજની "એકમાત્ર આશા" છે. એમના લખાણોમાં ચોખ્ખું જોવા મળે છે કે આ પ્રક્રિયાની વિસ્તૃતતા અને અસર વધતી જ જશે, અને સમય જતાં બહાઈ વહીવટી વ્યવસ્થા "એક નવી વિશ્વ વ્યવસ્થાનો ફક્ત ગર્ભ જ નહીં પણ તેનું માળખું બનવાની ક્ષમતા" પ્રદર્શિત કરશે. એમણે ભારપૂર્વક જાહેર કર્યું હતું કે, "જે વિશ્વની રાજકિય અને સામાજીક સંસ્થાઓ દુર્બળ બની ગઈ છે, જેની દૃષ્ટિ ધૂંધળી થઈ ગઈ છે, જેનું અંતઃકરણ મૂંઝવાઈ ગયું છે, જેની ધાર્મિક સંસ્થાઓ સાવ શક્તિહીન બની ગઈ છે, તેમાં આ ઉપચાર કરનારી સંસ્થા, આ પરિવર્તનકારી શક્તિ, આ એકતાકારી બળ, જે તીવ્રપણે સચેતન અને સર્વવ્યાપી છે," તેનું "ઘડતર થઈ રહ્યું છે," તે "સંસ્થાઓનું સ્વરૂપ પામી રહ્યું છે," અને "તેનાં પરિબળો એકઠાં થઈ રહ્યાં છે."

જો આ વહીવટી વ્યવસ્થાએ ભવિષ્યના સમાજ માટે એક નમૂનારૂપ બનવું હોય, તો આ વ્યવસ્થા જે સમુદાયમાં વિકસી રહી છે તેણે ન તો ફક્ત વધારે ને વધારે જટિલ ભૌતિક અને આધ્યાત્મિક જરૂરિયાતોને પૂરી પાડવાની ક્ષમતા કેળવવી પડશે, પણ સાથે સાથે વધારે ને વધારે વિશાળ પણ બનવું પડશે. અને આના સિવાય બીજો કોઈ રસ્તો પણ નથી. એક નાનકડા સમુદાયનો વિચાર કરો, કે જેના સદસ્યોમાં ધર્મ માટેની શ્રદ્ધામાંથી ઉદ્‌ભવેલી એકતા હોય, જેના ઊચ્ચ આદર્શો તેની લાક્ષણિકતા હોય, જે પોતાનાં કાર્યોનું સંચાલન કરવામાં, અને પોતાની જરૂરિયાતોને પૂરી પાડવામાં, કુશળ હોય, અને જે થોડા સમાજસેવાનાં કાર્યોમાં પણ ભાગ લેતો હોય. જો આ સમુદાય બહારના સમાજની વાસ્તવિકતા અને અનુભવોથી અલગ રહેશે, અને પોતાની જ દુનિયામાં રત રહેશે, તો તે ક્યારેય આખા વિશ્વની વ્યવસ્થાને એક નવું સ્વરૂપ આપવા માટે જરૂરી માળખાનો નમૂનો બની નહીં શકે. અમારે માટે એ વાત હંમેશા આનંદદાયક રહી છે કે વિશ્વનો બહાઈ સમુદાય આવા

સ્વ-સંતુષ્ટતાના ખતરાથી બચીને રહ્યો છે. અલબત્ત, બહાઈ સમુદાયે વિસ્તરણ અને દ્રઢીકરણની પ્રક્રિયાઓનો વિકાસ કરવામાં કુશળતા તો પ્રાપ્ત કરી જ છે, પણ વિશ્વભરનાં શહેરો અને ગામોમાં રહેતા અસંખ્ય લોકોના સામાજીક જીવનની વહીવટી વ્યવસ્થા સંભાળવી, અને બહાઉલ્લાહની વિશ્વ વ્યવસ્થાના ધ્વજને સમસ્ત વિશ્વ સમક્ષ લહેરાવવો, એ તો હજુ બહુ દૂરનું લક્ષ્ય છે.

અને આ જ એક પડકાર છે જેનો આવતી યોજના દરમ્યાન, જેઓ શિખવાની પ્રક્રિયામાં અગ્રણીઓ છે, તેમની સમક્ષ ખડી હશે. જ્યાં જ્યાં સઘન વિકાસ કાર્યક્રમની સ્થાપના થાય, ત્યાંના મિત્રોએ સહભાગીઓની સંખ્યા વધારવા માટે બનતા બધા જ પ્રયત્નો કરવા જોઈશે. તેમણે અથાગ પ્રયત્નો કરવા પડશે કે ખૂબ મહેનતથી તેમણે ઘડેલો એ સમુદાય ફક્ત પોતાની પ્રવૃત્તિઓથી જ સંતુષ્ટ ન રહે, એ સતત વિકસતો રહે, અને વધારે ને વધારે નવા લોકોને આવકારતો રહે. બહાઉલ્લાહ અને તેમના પ્રગટીકરણ વિષે અનેકવિધ જાતનાં લોકો સાથે વાર્તાલાપ કરવા માટેની તેમની ક્ષમતામાં જ્યારે આત્મવિશ્વાસ વધતો ગયો ત્યારે તેમણે લોકોમાં જે નોંધપાત્ર ગ્રહણશીલતા જ નહીં, પણ આતુર અપેક્ષાની ભાવના જોઈ હતી, તે તેમણે ક્યારેય ભૂલવી નહીં જોઈએ. તેઓએ હંમેશા એ દ્રઢ વિશ્વાસ રાખવો જોઈશે કે જ્યારે બહાઈ ધર્મની સીધી પ્રસ્તુતિ પૂરતા ઊંડાણપૂર્વક કરાશે, અને પછી પદ્ધતિસર પ્રક્રિયાઓ દ્વારા દ્રઢીકરણ કરાશે, ત્યારે તેનાં પરિણામો લાંબા કાળનાં નીવડશે. અને તેમણે ભૂતકાળનો પાઠ ક્યારેય ભૂલવો નહીં જોઈએ, કે સક્રિય બહાઈઓના એક નાનકડા જૂથમાં, તે ગમે તેટલું ઉપાયસંપન્ન અને સમર્પિત હોય તો પણ, હજારો પુરુષો, સ્ત્રીઓ અને બાળકોનાં સમુદાયોની જરૂરિયાતોને સંભાળવા માટેનું સામર્થ્ય હોવું અસંભવ છે. આનો અર્થ સ્પષ્ટ છે. જો એક ક્ષેત્રસમુહમાં આજે વિસ્તરણ અને દ્રઢીકરણની જવાબદારીઓ દસથી વીસ મિત્રો સંભાળી રહ્યાં હોય, અને ત્યાંના સમુદાયની પ્રવૃત્તિઓમાં સો થી બસો જણા ભાગ લઈ રહ્યાં હોય, તો આ યોજનાના અંત સુધીમાં આ બંને સંખ્યાઓમાં અનેકગણો વધારો થવો જોઈશે, કે જેથી સો થી બસો મિત્રો એક થી બે હજાર સહભાગીઓ માટે પ્રવૃત્તિઓ ચલાવતાં હોય.

આજે જે ૧૬૦૦ ક્ષેત્રસમુહોમાં સઘન વિકાસ કાર્યક્રમ ચાલી રહ્યાં છે તેમાંના આશરે ૩૦૦ ક્ષેત્રસમુહોમાં મિત્રોએ (સઘનતાનો વધુ વિકાસ કરવા માટે) નવી વસ્તુઓ શિખવાના પ્રયાસો શરૂ કરી દીધાં છે, અને તેમાંના કેટલાકમાં ઘણું બધું નવું શિખાઈ પણ ગયું છે; અને આ ઘણા જ આનંદની વાત છે. આ બધા ક્ષેત્રસમુહોમાં તાલીમ સંસ્થા દ્વારા ગતિમાન કરાયેલી શિક્ષણની પ્રક્રિયાઓને વધારે પ્રગાઢ બનાવવી તે સૌથી વધારે મહત્ત્વનું છે. આ માટેની જરૂરિયાતોનું વર્ણન રિઝવાનના સંદેશમાં કરાયું હતું. આ બધાં જ ક્ષેત્રસમુહોમાં મિત્રોએ તાલીમ સંસ્થાની પ્રક્રિયાથી આવતાં પરિવર્તન પોતે જોયાં છે, અને હવે તેઓ આ પ્રક્રિયાના વિવિધ પાસાઓને વધુ ઊંડાણપૂર્વક સમજવાનાં પ્રયત્નો કરી રહ્યાં છે - તેનાથી ઉદ્‌ભવતી બંધુત્ત્વની ભાવના, તેમાં અપનાવાયેલી સહભાગીપણાની પદ્ધતિ, તેનાથી પરિણમતી ઊંડી સમજ, તેમાં ભલામણ કરાયેલા સેવાકાર્યો, અને સૌથી અગત્યનું, તેની ઈશ્વરના શબ્દ પરની નિર્ભરતા. બને તેટલા બધા પ્રયત્નો થઈ રહ્યાં છે કે આ પ્રક્રિયામાં નીચેનાં તત્ત્વો પ્રતિબિંબિત થાય: તાલીમ સંસ્થાના પાઠ્યક્રમમાં સ્પષ્ટપણે દર્શાવાયેલાં "હોવું" અને "કરવું"નાં અનુપૂરક વલણો; જ્ઞાન અને તેના અમલીકરણનું પ્રાથમિક સ્થાન; ખોટેખોટા વિરોધાભાસોથી દૂર રહેવામાં દ્રઢતા; પવિત્ર શબ્દોને કંઠસ્થ કરવાનું મહત્ત્વ; અને અહમ્‌ને જગાડ્યા વગર ચેતનાને જાગૃત કરવા માટે રખાયેલી કાળજી.

<u>વહીવટીય ક્ષમતા વધારવી</u>

જોકે ક્ષેત્રસમુહોમાં શીખવાની બાબતમાં મોખરા પર, વિકાસની પ્રક્રિયાના મુખ્ય તત્ત્વો તે જ રહે છે અને બદલાતા નથી, પણ વિશાળ સંખ્યાને લીધે તેને જટિલતાના ઉચ્ચ સ્તર પર લઈ જવા માટે સંગઠન યોજનાની જરૂર પડે છે. ભૌગોલિક પરિસ્થિતિ અને સાંખ્યિક વૃદ્ધિ એ બન્નેના આધાર પર, વિવિધ રીતો પહેલેથી જ

દાખલ કરી ચુકાઈ છે. ક્ષેત્રસમુહનું નાના એકમોમાં વિભાજન, સમીક્ષા બેઠકનું વિકેન્દ્રીકરણ, તાલીમ સંસ્થાના કોઓર્ડીનેટરોના સહાયકોની નિમણૂક, ક્ષેત્રમાં બીજાઓની સહાય કરવા માટે અનુભવી મિત્રોની ટુકડીનો ઉપયોગ - આ થોડી ગોઠવણીઓ છે જે અત્યાર સુધીમાં કરવામાં આવી છે. અમને પૂરો વિશ્વાસ છે કે તમારી સક્ષમ સહાયથી, આંતરરાષ્ટ્રિય પ્રશિક્ષણ કેન્દ્ર આ વિકાસનો ઉપયોગ હવે પછીની યોજનામાં પણ કરશે અને દૃઢ બનવા માટે શીખાયેલા પાઠોને, પ્રમાણિત થયેલી પદ્ધતિઓ અને સાધનોમાં બદલવા માટે તેનો ઉપયોગ કરશે. આ બાબતમાં તમારે અને તમારા સહાયકોએ એવું વાતાવરણ ઉત્પન્ન કરવાની જરૂર પડશે જે મિત્રોને ઉત્સાહિત કરે, કે જેથી તેઓ પદ્ધતિસર બને પરંતુ જડ નહિ, સર્જનાત્મક બને પરંતુ અવ્યવસ્થિત નહિ, નિર્ણાયક બને પરંતુ ઉતાવળીયા નહિ, કાળજીપૂર્ણ બને પરંતુ નિયંત્રક નહિ, એ જાણીને કે અંતિમ વિશ્લેષણમાં પદ્ધતિ નહિ પરંતુ વિચારોની એકતા, કાર્યમાં સાતત્યતા અને શીખવા પ્રતિ સમર્પણની ભાવના જ છે જે પ્રગતિ લાવશે.

ક્ષેત્રસમુહના સ્તરે મોટા પાયાની પ્રવૃત્તિઓનું સંયોજન કરવા માટે જે કોઈ પણ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવે, તેના સતત વિકાસનો આધાર, સ્થાનિક આધ્યાત્મિક સભાઓના વિકાસ પર, ક્ષેત્રીય/રાજ્ય બહાઈ પરિષદોની વધેલી ક્ષમતા પર, અને અંતે રાષ્ટ્રીય આધ્યાત્મિક સભાઓની ક્ષમતા પર નિર્ભર છે. રિઝવાન સંદેશામાં રાષ્ટ્રીય આધ્યાત્મિક સભાઓની વધતી જતી શક્તિઓની નોંધ લઈને અમે અમારી ખુશી વ્યક્ત કરી હતી. અમે આવનારા પાંચ વર્ષને આશાસ્પદ રીતે નિહાળીએ છીએ, એ વિશ્વાસ સાથે કે અમે આ બાબતમાં આગળ મહત્ત્વપૂર્ણ પ્રગતિ જોઈશું. આ ઉપરાંત, અમને કોઈ સંદેહ નથી કે રાષ્ટ્રીય આધ્યાત્મિક સભાઓ સાથે એકમત થઈને તમે ક્ષેત્રીય/રાજ્ય બહાઈ પરિષદોને તેમની વહીવટીય ક્ષમતાઓ વધારવામાં સહાયરૂપ બની શકશો. વિશ્વભરમાં આજે ૪૫ દેશોમાં આવી ૧૭૦ વહીવટીય સંસ્થાઓ છે, અને ચોક્કસપણે આવનારી યોજના દરમ્યાન તેમની સંખ્યા વધશે. બધી જ ક્ષેત્રીય/રાજ્ય બહાઈ પરિષદો માટે તાલીમ સંસ્થાના કાર્યો અને ક્ષેત્રીય શિક્ષણ સમિતિઓની કામગીરી પર ખૂબ જ નજીકથી ધ્યાન આપવું તે અનિવાર્ય બનશે. આને ધ્યાનમાં રાખીને, તેમના માટે એવી પદ્ધતિની રચના કરવાનું અને તેને વધારે સારી બનાવવાનું આવશ્યક બનશે જે ક્ષેત્રસમુહ સ્તરે વિકાસને અને તેની સાથે સંકળાયેલી શીખવાની પ્રક્રિયાને આગળ વધારવામાં સહાય કરી શકે. આમાં જેનો સમાવેશ થશે તે છે એક સારી રીતે કાર્યશીલ ક્ષેત્રીય/રાજ્ય બહાઈ પરિષદનું કાર્યાલય, જે તેના મંત્રીને પાયાની વહીવટીય સહાય પુરી પાડી શકે; હિસાબ-કિતાબની એક સંગીન પદ્ધતિ જે ક્ષેત્રસમુહમાં આવનારા અને બહાર જનારા ભંડોળ માટે જુદા જુદા માધ્યમોનો સમાવેશ કરે; માહિતીનું આદાન પ્રદાન કરવા માટેનું એક એવું કાર્યક્ષમ માધ્યમ જે ગામ અને પડોશના વિસ્તારના જીવનની વાસ્તવિકતાને ધ્યાનમાં રાખે, અને, જ્યાં જરૂર હોય ત્યાં એવા ભૌતિક માળખાની રચના જે સઘન અને કેન્દ્રિત પ્રવૃત્તિઓને સરળતાથી આગળ વધારવામાં સહાય કરે. આ બાબતમાં એ અગત્યનું છે કે ક્ષેત્રીય/રાજ્ય બહાઈ પરિષદો પોતે પણ શીખવાની પ્રક્રિયામાં જોડાયેલી હોય, તો જ આ પદ્ધતિ અસરકારક બનશે. નહિતર, જે પદ્ધતિ દેખાઈ તો એવી રહી છે કે તેની રચના ગામો અને પડોશી વિસ્તારોમાં વધતા જતા સહભાગીઓ દ્વારા શીખવાના કાર્યને સહાયરૂપ થવા માટે કરવામાં આવી છે, પરતું તે પદ્ધતિ સૂક્ષ્મ રીતે તેની વિરુદ્ધ કાર્ય કરશે, અને ઈરાદો ના હોવા છતાં પણ સ્થાનિક સ્તરે વધતી જતી મહત્ત્વાકાંક્ષાઓને રૂંધી નાખશે.

જયારે રાષ્ટ્રીય આધ્યાત્મિક સાભાઓ અને ક્ષેત્રીય/રાજ્ય બહાઈ પરિષદો સાથે સહકાર એ તમારી મુખ્ય ચિંતાઓમાંની એક હશે, ત્યારે તમારા સહાયકોએ તેમની વધારેમાં વધારે શક્તિ સ્થાનિક સ્તરની સંસ્થાઓની ક્ષમતા વધારવામાં લગાવવી પડશે - એવી જગ્યાઓએ, જ્યાં સમુદાય ઘડતરની માગણીઓ પોતાને સ્પષ્ટપણે વ્યક્ત કરે છે. તમને એ કલ્પના કરવામાં સહાય કરવા માટે કે બધી જગ્યાઓએ સહાયક મંડળના સદસ્યો અને તેમના મદદનીશો પાસેથી શું અપેક્ષા રખાશે, ખાસ કરીને એવા ક્ષેત્રસમુહોમાં જ્યાં મોટા પાયે વિસ્તરણ અને

દ્રઢીકરણ થઈ રહયું છે, અમે તમને સૌપ્રથમ વિશ્વના ઘણા ગ્રામીણ ક્ષેત્રોની સ્થાનિક આધ્યાત્મિક સભાઓના વિકાસ વિષે ચિંતન કરવા કહીએ છીએ, જ્યાં મોટા ભાગના આ પ્રકારના ક્ષેત્રસમુહો આવ્યા છે.

જેમ તમે જાણો છો તેમ સામાન્ય રીતે ગ્રામીણ ક્ષેત્રસમુહ, જે ગામડાઓનું બન્યું હોય અને કદાચ એક કે બે નગરોનું બન્યું હોય, તેમાં સઘન વિકાસ કાર્યક્રમને લગતી કાર્યપદ્ધતિ સ્થપાતિ હોય ત્યારે મિત્રોના પ્રયત્નો થોડાક લત્તાઓ પૂરતા જ સીમિત હોય છે. અમારા રિઝવાન સંદેશામાં સમજાવ્યા મુજબ, એક વાર કાર્યપદ્ધતિ સ્થાપિત થઈ જાય પછી તે પદ્ધતિને ઝડપથી એક પછી એક એમ ઘણા ગામોમાં સ્થાપિત કરી શકાય છે. જલદીથી જ દરેક લત્તામાં સ્થાનિક આધ્યાત્મિક સભા અસ્તિત્ત્વમાં આવે છે, અને તેનો સતત વિકાસ ગામમાં શરૂ થયેલી વિકાસની પ્રક્રિયાના સમાંતર માર્ગને અનુસરે છે અને તેને ગાઢ રીતે જોડાયેલો હોય છે. અને આ પ્રક્રિયાના બીજા પાસાઓના વિકાસની જેમ જ, સ્થાનિક આધ્યાત્મિક સભાનો વિકાસ ક્ષમતા નિર્માણના સંદર્ભ માં સૌથી સારી રીતે સમજી શકાય છે.

સૌ પ્રથમ જે થવું જોઈએ તે તુલનાત્મક રીતે સરળ છે : દરેક સદસ્યના મુખ્ય પ્રવૃત્તિઓમાં વ્યક્તિગત રીતે જોડાવાથી, ગામમાં ગતિશીલ થઈ રહેલી વિકાસની પ્રક્રિયાની વ્યક્તિગત જાગૃતિ, સામુહિક સભાનતામાં એકરૂપ થવી જ જોઈએ, જે થઈ રહેલા પરિવર્તનની પ્રકૃતિ અને સ્થાનિક આધ્યાત્મિક સભાઓના તેને પ્રોત્સાહિત કરવાના કર્તવ્ય, બન્ને વિશે જાણે છે. નિઃશક, થોડું ધ્યાન થોડાક પાયાના વહીવટીય કાર્યોને આપવું પડશે - દાખલા તરીકે, નિયમિત રૂપે યોજાતી બેઠકો, ઓગણીસ દિવસીય સહભોજ સભાઓનું સંચાલન અને પવિત્ર દિવસોની ઉજવણી, સ્થાનિક કોષની સ્થાપના, અને બહાઈ સિદ્ધાંતો મુજબ વાર્ષિક ચૂંટણીનું આયોજન. આવા પ્રયત્નોની સાથે સાથે સહાયક મંડળના સદસ્યના મદદનીશના પ્રોત્સાહન દ્વારા સ્થાનિક આધ્યાત્મિક સભા માટે સમુદાયના જીવન સંબંધિત એકાદ બે ચોક્કસ મુદ્દાઓ વિષે સાથે મળીને વિચાર વિમર્શ કરવો તે મુશ્કેલ સાબિત ન થવું જોઈએઃ જે વ્યક્તિઓએ તાલીમ સંસ્થાનું પ્રથમ પુસ્તક પૂર્ણ કર્યું છે તેઓના પ્રયત્નો દ્વારા કઈ રીતે ગામનું ભક્તિમય વાતાવરણ વધારે સારૂ બનાવાઈ રહ્યું છે; તાલીમ સંસ્થાએ તૈયાર કરેલા શિક્ષકો દ્વારા કઈ રીતે બાળકોની આધ્યાત્મિક કેળવણી કરાઈ રહી છે; કઈ રીતે કિશોરોની સુષુપ્ત શક્તિ તેમના આધ્યાત્મિક સશક્તિકરણ કાર્યક્રમ દ્વારા અભિવ્યક્ત કરાઈ રહી છે; મિત્રો જયારે એકબીજાના ઘરોની મુલાકાત લે છે ત્યારે કઈ રીતે સમુદાયના આધ્યાત્મિક અને સામાજીક તાણાવાણા મજબૂત થઈ રહયાં છે. સ્થાનિક આધ્યાત્મિક સભાઓ જયારે આવી વાસ્તવિક બાબતો ઉપર વિચારવિમર્શ કરે છે અને પ્રેમપૂર્વક અને ધૈર્યપૂર્વક વિકાસની પ્રક્રિયાની માવજત કરવાનું શીખે છે, ત્યારે તેમના ક્ષેત્રીય શિક્ષણ સમિતિ અને તાલીમ સંસ્થા સાથેના સંબધો એક સહિયારા હેતુમાં મજબૂત બને છે. પરંતુ તેના કરતા પણ વધારે મહત્વનું એ છે કે, પ્રિય ધર્મસંરક્ષકે તેમના ઘણા સંદેશામાં વર્ણન કર્યા મુજબ, તે એક એવો પાયો નાખવાનું શરૂ કરે છે જેના આધાર પર એવા સંબધો બાંધી શકાય છે કે જેમાં અજોડ સ્નેહ અને નિસ્વાર્થ સહાય હોય; અને આવા સંબધો સ્થાનિક આધ્યાત્મિક સભાઓએ વ્યક્તિગત શ્રદ્ધાળુઓ સાથે સ્થાપવા જોઈએ.

સ્પષ્ટ રીતે, વૈશ્વિક યોજનાને સંબંધિત વિશિષ્ટ મુદ્દાઓ પર વિચાર વિમર્શ કરવો તે ગમે તેટલું અગત્યનું કેમ ના હોય, પણ તે ક્ષમતા ઘડતરની પ્રક્રિયાના ફક્ત એક જ પાસાની રજૂઆત કરે છે જેમાં સ્થાનિક આધ્યાત્મિક સભાએ જોડાવું જોઈએ. તેના સતત વિકાસનો અર્થ છે અબ્દુલ-બહા દ્વારા અપાયેલા એ આદેશનું પાલન કરવું કે, "બધીજ ચર્ચાઓ આધ્યાત્મિક બાબતો પૂરતી સીમિત હોવી જોઈએ, જેનો સંબંધ આત્માઓની કેળવણી, બાળકોનું શિક્ષણ, ગરીબો માટે રાહત, દુનિયાના બધાજ વર્ગના અશક્તોની મદદ, સહુ લોકો પ્રત્યે દયાભાવ, પ્રભુધર્મની સુવાસનો પ્રસાર અને તેના પવિત્ર શબ્દોની સ્તુતિ." તેની સતત પ્રગતિ માટે જરૂરી છે, સમુદાયના શ્રેષ્ઠ હિતને વધારવા માટે અડગ વચનબદ્ધતા, અને વિકાસની પ્રક્રિયાને અવરોધતા નૈતિક

અધ:પતનના પરિબળો સામે સુરક્ષિતતા માટેની તકેદારી. તેના સતત વિકાસ માટે જરૂરી છે એ જવાબદારીની ભાવના જે મુખ્ય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા મિત્રો અને કુંટુબોના વર્તુળથી પણ આગળ વધીને ગામના સમગ્ર લોકોને સમાવી લેતી હોય. અને તેની ધીરે ધીરે વધતી પરિપક્વતાને ટકાવી રાખવા માટે જરૂરી છે અબ્દુલ-બહાના એ આશ્વાસન પ્રતિ અડગ વિશ્વાસ કે તેઓ દરેક આધ્યાત્મિક સભાને તેમની કાળજી અને રક્ષણના આવરણમાં સમાવી લેશે.

આ સામુહિક જગૃતિમાં વધારા સાથે સંકળાયેલી છે, સમુદાયની પ્રવૃત્તિઓને અને વહીવટીય કાર્યપ્રવૃત્તિઓને નિભાવવા માટે, સ્થાનિક આધ્યાત્મિક સભાની યોગ્ય રીતે નાણાંકીય અને બીજા બધા સંસાધનોની આકારણી કરવાની અને ઉપયોગ કરવાની ક્ષમતા, જેમાં સમય જતાં સમિતિઓની વિવેકપૂર્ણ નિમણૂક અને તેના કાર્ય માટે મધ્યમસરની ભૌતિક સુવિધાઓનો સમાવેશ પણ થઈ શકે છે. તેની એવું વાતાવરણ ઉત્પન્ન કરવાની શક્તિ પણ એટલી જ અગત્યની છે, જેના દ્વારા મોટી સંખ્યામાં લોકોની સહભાગીતા એકરૂપ પ્રવૃત્તિમાં પરિણમે અને એ સુનિશ્ચિત થાય કે તેમની શક્તિ અને પ્રતિભા વિકાસમાં તેમનો ફાળે આપે. આ બધી બાબતોમાં સમુદાયનું આધ્યાત્મિક કલ્યાણ સ્થાનિક આધ્યાત્મિક સભાના મનમાં સૌથી મહત્ત્વનું રહે છે. અને જ્યારે કોઈ પ્રવૃત્તિ સંબંધિત અથવા તો વ્યક્તિઓ વચ્ચે નિવારી ન શકાય તેવી સમસ્યાઓ ઊભી થાય, ત્યારે તેનું નિવારણ સ્થાનિક આધ્યાત્મિક સભાઓ કરશે, જેણે સમુદાયના સદસ્યોનો વિશ્વાસ એટલો પૂર્ણપણે જીતી લીધો હશે કે બધા સહજ રીતે જ તેમની પાસે મદદ માટે જશે. આનો અર્થ એ છે કે સ્થાનિક આધ્યાત્મિક સભાએ અનુભવ દ્વારા એ શીખી લીધું છે, કે કઈ રીતે તે શ્રદ્ધાળુઓને પક્ષપાતી વિચારધારાવાળી અને ભાગલા પાડવાવાળી રીતોને બાજુમાં મુકવામાં સહાય કરવી, કઈ રીતે સૌથી વધારે મુંઝવણભરી અને મુશ્કેલીભરી પરિસ્થિતિઓમાં પણ એકતાના બીજ શોધવા, અને કઈ રીતે હંમેશા ન્યાયના ધોરણોનું સર્મથન કરતાં કરતાં ધીમે ધીમે અને પ્રેમપૂર્વક તેમની માવજત કરવી.

અમે જેમ ભૂતકાળમાં નિર્દેશ આપ્યો છે તેમ, જેમ જેમ સમુદાય તેની જીવંતતા જાળવવા માટે કદમાં અને ક્ષમતામાં વિકાસ પામે છે, તેમ તેમ મિત્રો સામાજીક જીવનમાં ઊંડા ઉતરશે, અને તેમનું ગામ જે વિવિધ પ્રશ્નોનો સામનો કરી રહયું છે તેનો પ્રતિભાવ આપવા માટે, વિકસાવેલા સાધનોનો લાભ લેવા માટેનો પડકાર, તેમની સમક્ષ આવશે. સુસંગતતાનો પ્રશ્ન, જે અત્યાર સુધી પ્રાપ્ત કરેલા વિકાસ માટે અતિ આવશ્યક હતો, અને જે યોજનાની કાર્ય પ્રવૃત્તિના વિકાસના માળખા માટે મૂળ પાયારૂપ છે, તે હવે નવા પરિમાણ ધારણ કરે છે. સ્થાનિક આધ્યાત્મિક સભાઓ પર ઘણી જવાબદારીઓ આવી પડશે, યોજના અમલમાં મુકનાર તરિકે નહિ પરંતુ નૈતિક સત્તાના પ્રતિનિધિ તરીકે, તે સુનિશ્ચિત કરવા માટે, કે જ્યારે મિત્રો પ્રભુધર્મના શિક્ષણોને કાર્ય, ચિંતન અને વિચાર-વિમર્શની પ્રક્રિયા દ્વારા પરિસ્થિતિઓમાં સુધારો લાવવા માટે લાગુ કરે છે, ત્યારે તેમના પ્રયત્નોની નૈતિક અખંડતામાં કોઈ સમાધાન ના થાય.

અમારા રિઝવાન સંદેશામાં સ્થાનિક સ્તરે સામાજીક કાર્યના થોડાક લક્ષણો અને તેને પૂર્ણ કરવા માટેની શરતોનું વર્ણન કરાયું હતું. સામાન્ય રીતે ગામમાં પ્રયત્નો નાના પાયે શરૂ થશે, કદાચ એવા મિત્રોનાં જૂથ બનશે, જે દરેક જૂથ તેમણે પોતે ઓળખેલી કોઈ વિશિષ્ટ સામાજીક અથવા આર્થિક જરૂરિયાત માટે ચિંતિત હોય અને દરેક તેના માટેના સરળ પરંતુ યોગ્ય પગલાઓ લેતા હોય. ઓગણીસ દિવસીય સહભોજ સભામાં થતો વિચાર-વિમર્શ એક એવુ સ્થાન પૂરૂં પાડે છે જ્યાં સમુદાયની વધતી જતી સામાજીક સભાનતા એક રચનાત્મક અભિવ્યક્તિ પ્રાપ્ત કરે છે. જે કોઈપણ પ્રકારની પ્રવૃત્તિ હાથમાં લેવામાં આવે, સ્થાનિક આધ્યાત્મિક સભાએ સંભવિત ભયસ્થાનો પ્રતિ સાવધાન રહેવું જોઈએ અને મિત્રોને સહાય કરવી જોઈએ. જો જરૂર પડે તો, વધુ પડતી મહત્ત્વાકાંક્ષી યોજનાના પ્રલોભનમાંથી તેમને વાળવા પણ જોઈએ - જે યોજના ઘણી બધી શક્તિ વેડફી નાંખે અને અંતે ના જાળવી શકાય તેવી બની જાય, જે નાણાંકીય સહાય મેળવવાના પ્રલોભનને

લીધે બહાઈ સિદ્ધાંતોને તોડવાની ફરજ પાડે, એવી ટેકનોલોજીના વાયદા જે છેતરામણી રીતે રજૂ કરાતા હોય અને ગામના સાંસ્કૃતિક વારસાનું વિચ્છેદન કરતા હોય અને ભાગલા પાડવા અને વિસંવાદિતા તરફ દોરી જતા હોય. સમય જતાં ગામમાં તાલીમ પ્રક્રિયાની શક્તિ, અને તેના દ્વારા વ્યક્તિઓમાં ઉત્પન્ન થતી ક્ષમતાઓ, મિત્રોને તે પદ્ધતિઓ અને કાર્યક્રમોનો લાભ લેવા દઈ શકશે જે અસરકારક પુરવાર થઈ છે, જેનો વિકાસ કોઈ એક અથવા બીજી બહાઈ-પ્રેરિત સંસ્થા દ્વારા થયો હોય અને જેને અમારા સામાજીક અને આર્થિક વિકાસના કાર્યાલયના સુચન અને સહાયથી ક્ષેત્રસમુહમાં દાખલ કરાઈ હોય. તદઉપરાંત સ્થાનિક આધ્યાત્મિક સભાઓએ સમુદાયના સામાજીક અને રાજકીય માળખા સાથે પરસ્પર સંબંધ રાખતાં શીખવું જોઈએ, અને ધીમે ધીમે પ્રભુધર્મની ઉપસ્થિતિની, અને તેની ગામના વિકાસમાં થતી અસરોની, સભાનતા વધારવી જોઈએ.

ઉપરના ફકરાઓમાં જે રૂપરેખા રજૂ કરાઈ છે તે, વિશ્વના ઘણા ગામોમાં આવેલી સ્થાનિક આધ્યાત્મિક સભાઓના ફક્ત થોડાક જ ગુણધર્મો રજૂ કરે છે, જે તેઓ વધારેને વધારે સંખ્યામાં જ્યાં પ્રભુધર્મનો સ્વીકાર થાય છે તેવા સમુદાયની સેવા કરતાં કરતાં ધીરે ધીરે  વિકસાવશે. જેમ જેમ તેઓ તેમની સુષુપ્ત ક્ષમતાઓ અને શક્તિઓને વધારે ને વધારે પ્રગટ કરતા જશે તેમ તેમ તેમના સદસ્યોને દરેક ગામના રહેવાસીઓ “મનુષ્યો વચ્ચે દયાળુ ઈશ્વરના વિશ્વાસુઓ” તરીકે ઓળખશે. આવી રીતે આ સભાઓ બનશે “ પ્રકાશિત દીવાઓ અને સ્વર્ગીય બગીચાઓ, જેમનામાંથી પવિત્રતાની સુરભિ બધા જ પ્રદેશોમાં પ્રસરાશે, અને જ્ઞાનનો પ્રકાશ ચોતરફ દરેક સૃજિત વસ્તુ પર ફેલાશે, અને તેમનામાંથી જીવનની ચેતના દરેક દિશામાં રેલાશે.”

આવું ઉત્કૃષ્ટ પારલૌકિક દૃશ્ય ચોક્કસપણે વિશ્વની બધી જ સ્થાનિક આધ્યાત્મિક સભાઓ માટે સમાન રીતે પ્રયોજિત છે. મહાનગરોમાં પણ સભાઓનો વિકાસ મૂળભૂત રીતે ઉપર રેખાકૃતિ આપ્યા મુજબ જ હશે. મુખ્યત્ત્વે તફાવત વસ્તીના કદ અને તેની વિવિધતામાં રહેલો છે. પ્રથમ બાબત (કદ) માટે આવશ્યક છે કે સભાના કાર્ય વિસ્તારને, વિકાસની જરૂરિયાતના આધાર પર, નાના પડોશી વિસ્તારોમાં વહેંચી દેવામાં આવે, અને ધીમે ધીમે તે દરેકમાં પ્રભુ ધર્મના કાર્યનો વહીવટ કરવા માટેની વિવિધ પદ્ધતિઓ દાખલ કરવામાં આવે. બીજી બાબત (વિવિધતા) માટે જરૂરી છે કે સભાઓ, ભૌગોલિક મર્યાદાથી પર થઈને, એવા અનેક સામાજીક સ્થાનોથી પરીચિત બને જ્યાં વસ્તીના થોડા ભાગના લોકો સાથે મળે છે, અને જેટલું શક્ય હોય તેટલું શિક્ષણોમાં સમાયેલા વિવેકબુદ્ધિના મોતીઓને તેમના સમક્ષ ધરે. તદઉપરાંત શહેરી વિસ્તાર, જે બહોળી વિવિધતા અને મોટી સંખ્યા ધરાવે છે, ત્યાં સ્થાનિક આધ્યાત્મિક સભાઓએ, સંસ્થાકીય માળખાઓ સાથે - સામાજીક, રાજકીય અને સાંસ્કૃતિક - પરસ્પર સંબંધ રાખવાનું  ચોક્કસપણે શીખવું જોઈએ.

<u>બહાઈ સંસ્થાઓમાં સેવા આપવી</u>

આ પાનાઓમાં આવનારી પાંચ વર્ષીય યોજના દરમ્યાન પ્રભુધર્મના વહીવટીય કાર્યમાં જે વિકાસ જોવા માટે અમે આતુર છીએ, તે અમે રજૂ કરી રહ્યા છીએ ત્યારે અમને આ વિષેની ધર્મસંરક્ષક દ્વારા વારંવાર અપાયેલી ચેતવણી યાદ આવે છે. તેમણે કહ્યું હતું કે, “પ્રભુધર્મના વહીવટીય કાર્યની પદ્ધતિને પરિપૂર્ણ બનાવવાના આપણા પ્રયત્નો કરતા સમયે આપણે એ કાળજી રાખવી જોઈએ કે આપણે તેના દિવ્ય હેતુને ભૂલી ના જઈએ કે જેને માટે તેનું સર્જન થયું છે”. તેઓએ વારંવાર કહ્યું હતું કે, “બહાઈ વહીવટીય પદ્ધતિને આપણે એક સાધન તરીકે ગણાવી  જોઈએ, એક અંતિમ ધ્યેય તરીકે નહીં.” તેઓએ સ્પષ્ટ કર્યું હતું કે, “તેનો ઉદ્દેશ બે રીતની સેવા કરવાનો છે.” એક તરફ “તેનો હેતુ પ્રભુધર્મનું સતત અને ક્રમિક વિસ્તરણ કરવાનો છે જે વિશાળ, સંગીન અને વિશ્વવ્યાપક હોય,” અને બીજી તરફ “અત્યાર સુધી જે કાર્ય થઈ ચૂક્યું છે તેનું આંતરિક દૃઢીકરણ સુનિશ્ચિત કરવાનો છે.” આગળ સમજાવતાં તેઓ કહે છે : “તેણે એ પ્રેરણા પૂરી પાડવી જોઈએ કે જેના દ્વારા પ્રભુધર્મના સુષુપ્ત પરિબળો પ્રગટ થાય, એક ચોક્કસ સ્વરૂપ પામે, અને મનુષ્યોના જીવન અને

આચરણને ઘાટ આપે, અને બહાઈ સમુદાયની પ્રવૃત્તિઓના વિવિધ તત્ત્વોનું સંયોજન કરવા માટેનું અને વિચારોની આપ-લે કરવા માટેનું તે માધ્યમ બને."

અમારી હૃદયપૂર્વક આશા છે, કે આવનારી યોજના દરમ્યાન બહાઈ વ્યવસ્થા પ્રણાલિમાં દરેક સ્તરે, સ્થાનિકથી લઈને રાષ્ટ્રિય સુધી, સંગીન અને સુસંગત વિકાસને વધારવા માટે તમે પ્રયાસો કરશો; અને આ પ્રયાસો દ્વારા મિત્રોને તેમના કર્તવ્યો નિભાવવામાં તમારાથી બની શકે તે બધી સહાય કરશો. અમારી આ આશા ફળીભૂત થવાનો મોટા ભાગનો આધાર, જેઓને આવી સેવા આપવા માટે આહ્‌વાન આપવામાં આવ્યું છે - આધ્યાત્મિક સભાઓ પર ચૂંટાયેલા, અને તેની સમિતિઓમાં નિમાયેલા મિત્રો, તાલીમ સંસ્થાના કો-ઓર્ડીનેટરો, અને તમારા સહાયકો - તેઓ જેટલી માત્રામાં તેમને પ્રાપ્ત થયેલો આ વિશિષ્ટ લહાવો સમજશે, અને આ લહાવો તેમના માટે જે સીમાઓ સ્થાપે છે તેમને સમજશે, તેની માત્રા પર રહેશે.

પ્રભુધર્મની સંસ્થાઓ અને તેની સમિતિઓમાં સેવા આપવી તે ખરેખર એક મહાન લહાવો છે; પણ આ લહાવો મેળવવાની વાંછના રાખવી ઉચિત નથી; આ એક એવુ કર્તવ્ય અને જવાબદારી છે જેના માટે વ્યક્તિને કોઈપણ સમયે બોલાવવામાં આવી શકે છે. એ ખરેખર સમજી શકાય તેમ છે કે, જે બધા મિત્રો બહાઈ વ્યવસ્થા પ્રણાલિ સાથે સંકળાયેલા છે તેઓ એમ અનુભવશે કે, ભલે થોડા ઘણા પ્રમાણમાં પણ, તેમણે એવા માળખાનો એક ભાગ બનવાનું અહોભાગ્ય પ્રાપ્ત કર્યું છે કે જેની રચના એવુ માધ્યમ બનવા માટે થઈ છે કે જેમાંથી પ્રભુધર્મની ચેતના વહી રહી છે. પણ તેઓએ એવી કલ્પના ના કરવી જોઈએ કે આવી સેવા તેમને એવો અધિકાર આપે છે કે તેઓ બધી જ જગ્યાઓએ સબળ બની રહેલી શીખવાની પ્રક્રિયાઓની બહાર રહીને કાર્ય કરી શકે છે. અને તેમણે એવી ધારણા પણ ના કરવી જોઈએ કે વહીવટીય સંસ્થાઓ પરનું સદસ્યપદ તેમને પવિત્ર લખાણો અને શિક્ષણોના અમલ વિષેની તેમની પોતાની સમઝ બીજાઓ પર લાદવાનો અધિકાર આપે છે, અને સમુદાયને તેમની પોતાની ઈચ્છા મુજબ કોઈપણ દિશામાં દોરી જવાની તક આપે છે. સ્થાનિક આધ્યાત્મિક સભાઓના સદસ્યો વિષે ધર્મસંરક્ષકે લખ્યું છે, કે "તેઓએ પોતાની પસંદગી અને નાપસંદગીની, અને પોતાના વ્યક્તિગત સ્વાર્થ અને વલણોની, સંપૂર્ણપણે અવગણના કરવી જોઈએ, અને પોતાના મન એવા પગલાંઓ પર કેન્દ્રિત કરવા જોઈએ જે બહાઈ સમુદાયમાં ખુશી અને સુખસમૃદ્ધિ લાવે અને સાર્વજનિક કલ્યાણને વિકસાવે." અલબત્ત, બહાઈ સંસ્થાઓ મિત્રોને માર્ગદર્શન આપવા માટે, અને વ્યક્તિઓ અને સમુદાયના જીવન પર નૈતિક, આધ્યાત્મિક અને બૌદ્ધિક પ્રભાવ પાડવા માટે પોતાની સત્તાનો ઉપયોગ કરે છે. પણ આ કર્તવ્યો તેમણે એ સમજીને નિભાવવા જોઈએ કે પ્રેમાળ સેવાભાવ બહાઈ સંસ્થાઓની ઓળખાણનું વિશિષ્ટ લક્ષણ છે. જેઓને પ્રભુધર્મના વહીવટીય કર્તવ્યો સોંપાયા છે તેમને માટે આ દૃષ્ટિકોણ એમ દર્શાવે છે કે સત્તા અને પ્રભાવશીલતાનો ખરો અર્થ તો બલિદાન છે. અબ્દુલ બહાએ કહ્યું છે તેમ, "જ્યારે લોખંડનો ટુકડો ભઠ્ઠીમાં નખાય છે, ત્યારે તેના કાળાશ, ઠંડાપણા અને નક્કરપણાના ગુણધર્મો, જે ભૌતિક દુનિયાના પ્રતીક સમાન છે, તે અદૃશ્ય થઈ જાય છે, અને અગ્નિના લાલાશ, ગરમી અને પ્રવાહિતાના વિશિષ્ટ ગુણધર્મો, જે ઈશ્વરીય સામ્રાજ્યના ગુણોના પ્રતીક સમાન છે, તે તેમાં પ્રગટ થાય છે." જેમ તેમણે ખાતરીપૂર્વક કહયું છે, "તમારે આમાં - એટલે કે માનવજાતિની સેવા કરવામાં - તમારું જીવન ન્યોછાવર કરી દેવું જોઈએ, અને જેમ તમે પોતાનું બલિદાન આપતાં જાઓ, તેમ આનંદિત બનો."

*

પરમ પ્રિય મિત્રો, તમે અને તમારા સહાયકો જે બાહોશીથી શિક્ષણ ક્ષેત્રની પ્રથમ હરોળમાં, દરેક હૃદય અને આત્મામાં પ્રભુપ્રેમ રૂપી આગની માવજત કરવાના, જ્ઞાનમાં અભિવૃદ્ધિ કરવાના, તથા સદાચારી અને પ્રશંસનીય ચારિત્રનો વિકાસ કરવા તેમના પ્રયત્નોમાં બધાની સહાયતા કરવાના તમારા કર્તવ્યોનું પાલન કરી રહ્યા છો તેને નજરે નિહાળતા અમો ખૂબ આનંદ અનુભવીએ છીએ. જયારે ઉત્તર અમેરિકન બહાઈ સમુદાયે તેની પ્રથમ સાત વર્ષીય યોજનાનો પ્રારંભ કર્યો ત્યારે, દિવ્ય યોજનાની પાતિઓમાં તેને આપેલી જવાબદારીઓનું પાલન કરવાના સંદર્ભમાં, તા.૨૫ ડિસેમ્બર ૧૯૩૮ ના રોજ ધર્મસંરક્ષકે આ ભૂમિના મિત્રોને એક લાંબો અને ખૂબ શકિતશાળી એક પત્ર લખ્યો, જે પછીથી ‘દિવ્ય ન્યાયનું અવતરણ’ નામના શિર્ષક હેઠળ પ્રકાશિત થયો હતો. મિત્રોની સામે રહેલા કાર્યોના સ્વરૂપનું વિગતવાર વર્ણન કરતો ધર્મસંરક્ષકનો આ પત્ર બધા બહાઈ કાર્યોની સફળતાની આધ્યાત્મિક પૂર્વશરતોનો સંદર્ભ આપે છે. તેઓ કહે છે કે, તેમાંથી ત્રણ પૂર્વ શરતો “અત્યાવશ્યક અને મહત્ત્વપૂર્ણ તરીકે અલગ તરી આવે છે”: આચરણની શુદ્ધતા, નિર્મળ અને પવિત્ર જીવન, અને પૂર્વગ્રહનો ત્યાગ. દુનિયાની આજની પરિસ્થિતિના આધારે, એક પછી એક ક્લસ્ટરને બહાઉલ્લાહના પ્રગટીકરણની ચેતનાથી તરબોળ કરવા બહાઈ સમુદાયના વૈશ્વિક પ્રયત્નો માટે, તેમના અવલોકનોના નિહિતાર્થો ઉપર તમે સારી રીતે ચિંતન કરી શકશો.

આચરણની શુદ્ધતાના સંદર્ભમાં, શોઘી અફેન્દી “ન્યાય, સમતા, સત્યવાદિતા, પ્રમાણિકતા, નિષ્પક્ષતા, વિશ્વસનીયતા અને વિશ્વાસપાત્રતા” ની વાત કરે છે, જેનાથી “બહાઈ સમુદાયના જીવનનો દરેક તબક્કો વિશિષ્ટ તરી આવવો જોઈએ”. તેના બધા સભ્યોને આ જરૂરિયાત લાગુ પડતી હોવા છતાં, તેઓ ભારપૂર્વક કહે છે કે, મુખ્યત્ત્વે એ તેના “ચૂંટાયેલા પ્રતિનિધિઓને લાગુ પડે છે, પછી તે સ્થાનિક,ક્ષેત્રીય કે રાષ્ટ્રિય હોય,” જેમના નૈતિક આચરણની નિર્મળતા “ભ્રષ્ટાચાર પીડિત રાજકિય જીવન જેટલી દેખીતી રીતે પ્રગટ કરે છે તેના નૈતિક અધઃપતનના પ્રભાવો”ની તુલનામાં એકદમ અલગ તરી આવવી જોઈએ. ધર્મસંરક્ષક “વિચિત્રપણે અસ્તવ્યસ્ત દુનિયામાં અચલ ન્યાયની શાશ્વત ભાવના” માટે આહ્‌વાન કરે છે, અને બહાઉલ્લાહ અને અબ્દુલ બહાના પવિત્ર લખાણોમાંથી વ્યાપક સંદર્ભ લઈને, પ્રમાણિકતા અને વિશ્વાસપાત્રતાના ઉચ્ચ આદર્શો ઉપર મિત્રોની દૃષ્ટિ કેન્દ્રિત કરે છે. તેઓ શ્રદ્ધાળુઓને તેમના જીવનના દરેક પાસામાં - તેમના ધંધાકીય વ્યવહારોમાં, તેમના પારિવારિક જીવનમાં, દરેક પ્રકારના રોજગારમાં, પ્રભુધર્મ અને તેમના લોકો માટે તેમણે અર્પણ કરેલી દરેક પ્રકારની સેવામાં -આચરણની શુદ્ધતાનું ઉદાહરણ પુરૂં પાડવા અને પ્રભુધર્મના કાયદા અને સિદ્ધાંતોને બાંધછોડ વગર વળગી રહેવાની તેની જરૂરીયાતોનું પાલન કરવા અપીલ કરે છે. છેલ્લા થોડા વર્ષોમાં, જેમ જેમ મુત્સદ્દીપણાની મૂળભૂત ભાવના તેનું સત્ત્વ ગુમાવી રહી છે, વિકાસના નામે જૂજ લોકોના આર્થિક હિતોની સેવા માટે નીતિઓ અમલમાં મુકાઈ રહી છે, અને દંભને સામાજિક અને આર્થિક સંરચનાની કાર્યવાહીને ખોખલો કરવાની અનુમતિ આપવામાં આવી રહી છે, તેમ તેમ દરેક જગ્યાએ ભયાનક ગતિએ રાજકીય જીવનનું એકધારૂ અધઃપતન થઈ રહ્યું છે તે બિલકુલ સ્પષ્ટ અને દેખીતું છે. જો પ્રભુધર્મના ઊચ્ચ આદર્શોના પાલન માટે તે વખતે, મિત્રોના ખરેખર મહાન પ્રયત્નો જરૂરી હતા, તો આજના જગતમાં તો તેમના પ્રયત્નો કેટલા વધારે મહાન હોવા જોઈએ કે જ્યારે જગત અપ્રમાણિકતાને પુરસ્કાર આપે છે, ભ્રષ્ટાચારને પ્રોત્સાહન આપે છે, અને સત્યને એક સોદાને પાત્ર ચીજ ગણે છે. સમાજના મૂળભૂત પાયાને હચમચાવી રહેલી મુંઝવણ એટલી ગહન છે કે, બહાઈ પ્રવૃત્તિઓમાં સંકળાયેલા લોકોનો સંકલ્પ અડગ હોવો જોઈએ, અને તેમના નિર્ણયોમાં સ્વાર્થનો અણસાર સુદ્ધાં હોવો જોઈએ નહી. તાલીમ સંસ્થાના બધા સંયોજકો, ક્ષેત્રીય શિક્ષણ સમિતિના બધા સભ્યો, સહાયક મંડળના બધા સદસ્યો અને

તેમના મદદનીશો, અને બધી સ્થાનિક, ક્ષેત્રિય અને રાષ્ટ્રિય સંસ્થા, પછી તે ચુંટાયેલી હોય કે નિમાયેલી, તેના બધા સભ્યોએ ધર્મસંરક્ષક જે નૈતિક શુદ્ધતાના ગર્ભિતાર્થ વિશે તેમના હૃદયોમાં ચિંતન કરવાની અપીલ કરે છે તેના મહત્ત્વની કદર કરવી જોઈએ. ઈશ્વર કરે, તેમના કાર્યો ચોમેરથી ઘેરાયેલી અને થાકી ગયેલી માનવજાતને તેના સર્વોચ્ચ ભાવિ અને તેની સહજ કુલીનતા યાદ અપાવનાર તરીકે ઉપયોગી બને.

"સુશીલતા, પવિત્રતા, સંયમ, સભ્યતા અને મનની નિર્મળતાના ગર્ભિતાર્થો સાથેના" શુદ્ધ અને પવિત્ર જીવનના મહત્ત્વને લગતા ધર્મસંરક્ષકના સ્પષ્ટ વિવેચનનું મહત્ત્વ આજના બહાઈ કાર્યોની સફળતા માટે જરાય ઓછું નથી. મિત્રોને "અશિષ્ટતા, અનિતી, જૂઠા આદર્શો કે જેને સહજપણે એક ખામીયુક્ત નૈતિક સંહિતા સહન કરી રહી છે, અને તેને વિસ્તારી અને આગળ વધારી રહી છે," તેનાથી અકલંકિત જીવન જીવવા ફરમાન કરતી તેમની ભાષામાં ધર્મસંરક્ષક અસંદિગ્ધ છે. આ ખામીયુક્ત સંહિતા સંપૂર્ણ માનવજાત ઉપર જે પ્રભાવ પાડી રહી છે તેના અહીં પુરાવા રજૂ કરવાની કોઈ જરૂર નથી; ધરતી પરની દુરસ્થ જગ્યાઓ પણ તેના પ્રલોભનોમાં ગુલામ છે. આમ છતાં અમે ખાસ કરીને પવિત્રતાના વિષયને લગતા થોડાક મુદ્દાઓનો ઉલ્લેખ કરવાની ફરજ અનુભવીએ છીએ. તેઓ જેમને ખૂબજ આગ્રહપૂર્વક અપીલ કરે છે, એવા યુવાનોના દિલ અને દિમાગને પ્રભાવિત કરતા પરિબળો ખરેખર વિઘાતક છે. શુદ્ધ અને પવિત્ર રહેવા માટેના ઉપદેશો આ પરિબળોનો સામનો કરવા તેમની મદદ કરવામાં મર્યાદિત પ્રમાણમાં જ સફળ થશે. કોઈપણ આશય વગર, કે ગમે તેવા નિર્દોષભાવે, વાલીઓ તેમના જીવનમાં જે પ્રકારની પસંદગીઓ કરે છે અને આવી પસંદગીઓ દુનિયાની કામનાઓ - સત્તા માટેની તેની પ્રસંશા, પદ માટેની તેની આકાંક્ષા, વૈભવ વિલાસ માટેનો તેનો પ્રેમ, ક્ષુલ્લક પ્રવૃત્તિઓ માટેનો તેનો લગાવ, હિંસામાં તેની કીર્તિ અને આત્મપ્રસન્નતાની ઘેલછા - માટેનો તેમનો લગાવ અભિવ્યક્ત કરે છે, તેની યુવા માનસ ઉપર કેટલી અસર થાય છે તેના સંદર્ભમાં વિચાર કરવાની જરૂર છે. એ સમજી લેવું જોઈએ કે જે એકલતા અને હતાશાથી અનેક લોકો પીડાઈ રહ્યાં છે તે સર્વવ્યાપી ભૌતિકવાદથી શાસિત પર્યાવરણનું પરિણામ છે. અને તેમાં મિત્રોએ બહાઉલ્લાહના એ વિધાનની અભિવ્યક્તિ વિષે સમજી લેવું જોઈએ, જેમાં તેઓ કહે છે કે, "વર્તમાન યુગની વ્યવસ્થા સમેટાઈ જવી જોઈએ, અને તેના બદલે એક નવી વ્યવસ્થા સ્થાપાવી જોઈએ." આજે વિશ્વભરમાં યુવા લાકો દિવ્ય યોજનાના અતિ ઉત્સાહી સમર્થકો અને પ્રભુધર્મના તીવ્ર આકાંક્ષી શુરવીરો છે; અમને ખાતરી છે કે, દર વર્ષે તેમની સંખ્યામાં વધારો થતો રહેશે. ઈશ્વર કરે, તેમના પૈકી દરેક જણ પવિત્રતાથી વિભૂષિત જીવનના આશીર્વાદો સમજતા થાય અને પવિત્ર માધ્યમોથી વહેતી શક્તિ પ્રાપ્ત કરવાનું શીખી લે.

ધર્મસંરક્ષક તેના પછી પૂર્વગ્રહોનું સ્પષ્ટ વર્ણન કરતાં કહે છે કે, પ્રભુધર્મના લોકોમાં "કોઈ પણ પ્રકારનું વિભાજન કે ફાટફૂટ તેના મૂળભૂત ઉદ્દેશ, સિદ્ધાંતો અને વિચારોથી વિરૂદ્ધ છે". તેમણે સ્પષ્ટ કર્યું હતું કે મિત્રોએ "વિભિન્ન જાતિ, વર્ગ, વર્ણ કે રંગના લોકો સાથેના તેમના વર્તનમાં પૂર્વગ્રહોનો સદંતર ત્યાગ" કરવો જોઈએ. જાતિય પૂર્વગ્રહને લગતા પ્રશ્નની વિસ્તૃત ચર્ચા કરતાં તેઓ આગળ કહે છે કે, "તેનો સડો સમાજના તાણાવાણાને તોડી રહ્યો છે, અને તેણે અમેરિકી સમાજના આખા માળખા પર હુમલો કર્યો છે". અને તે વખતે તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે, "બહાઈ સમુદાયના વિકાસના વર્તમાન ચરણમાં તેણે જેનો સામનો કરવાનો છે એવા સૌથી મહત્ત્વપૂર્ણ અને પડકારયુક્ત વિષય તરિકે તેનો વિચાર કરવો જોઈએ." અમેરિકી રાષ્ટ્ર અને તેમાં વિકસતા બહાઈ સમુદાયે આ ચોક્કસ પડકારોનો સામનો કરવા માટે જે પગલાં લીધા છે તેની શકિતઓ અને નબળાઈઓથી પર, આજે વાસ્તવિકતા એ છે કે બધા પ્રકારના પૂર્વગહો - જાતિય, વર્ગ, કોમ, લૈંગિક, ધાર્મિક માન્યતાઓ - એ માનવજાત ઉપર તેમની પક્કડ સતત જમાવી રાખી છે. જો કે જાહેર સંવાદોના સ્તરે, એવા જૂઠાણાઓનું ખંડન કરવા માટે મોટાપાયે પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે, જે કોઈકને કોઈક સ્વરૂપમાં પૂર્વ

ગ્રહને જન્મ આપતા હોય, છતાંયે તે સમાજના ઢાંચાઓમાં પ્રસરેલા છે અને વ્યકિતના માનસ ઉપર તેની પદ્ધતિસર છાપ પડેલી છે. બધાના માટે સ્પષ્ટ અને દેખીતું હોવું જોઈએ કે વિશ્વ યોજનાની વર્તમાન શ્રેણી દ્વારા શરૂ કરવામાં આવેલી પ્રક્રિયામાં સમાવિષ્ટ અભિગમો, અને તેમાં અપનાવેલી પદ્ધતિઓનો આશય, કોઈપણ પ્રકારના વર્ગ કે ધાર્મિક પાર્શ્વભૂમિના વિચાર વગર, કોઈપણ કોમ કે જાતિની ચિંતા કર્યા વગર, લૈંગિક કે સામાજિક દરજ્જાની પરવા કર્યા વિના - દરેક માનવીય સમુહમાં ક્ષમતાનું નિર્માણ કરવા માટે ઊભા થઈને સભ્યતાના વિકાસમાં ફાળો આપવાનો છે. અમો પ્રાર્થના કરીએ છીએ કે, તેનું સતત અનાવરણ થતું જશે ત્યારે, માનવજાતના બાળપણના લાંબાગાળા દરમિયાન એક જૂથ દ્વારા બીજા જૂથ ઉપર અત્યાચાર કરવા માટે અપનાવેલા દરેક સાધનને નિષ્ફળ કરવાની તેની શક્તિ પ્રગટ થશે.

નિ:શક, તાલિમ સંસ્થા સાથે સંકળાયેલી શૈક્ષણિક પ્રક્રિયા એ આધ્યાત્મિક સ્થિતિનો વિકાસ કરવામાં મદદ કરે છે જેનો ધર્મસંરક્ષકે અનેક લખાણો દ્વારા 'દિવ્ય ન્યાયનું અવતરણ'માં ઉલ્લેખ કર્યો છે, અને જેનાથી બહાઈ સમુદાયિક જીવન વિશિષ્ટ હોવું જોઈએ - એવી એકતાની ભાવના જે મિત્રોને પ્રેરણા આપતી હોય, એવા પ્રેમના બંધનો જે તેમને એકસાથે બાંધી રાખતા હોય, સંવિદામાં દ્રઢતા જે તેમને અડગ રાખતી હોય, તથા દિવ્ય સહાયતાની શક્તિ પર તેમનો ભરોસો અને વિશ્વાસ - આ થોડા તેના ઉદાહરણ છે. સેવા માટેની ક્ષમતા ઘડતરના સંદર્ભમાં અને પદ્ધતિસર કાર્યના વિકાસના એવા વાતાવરણમાં આવા જરૂરી ગુણોનો વિકાસ કરવામાં આવે છે, તે ખાસ નોંધપાત્ર છે. આવા વાતાવરણનો વિકાસ કરતાં, સહાયક મંડળના સદસ્યો અને તેમના મદદનીશોને પરસ્પર સંકળાયેલા બે મૂળભૂત સિદ્ધાંતોનું મહત્ત્વ સમજી લેવાની જરૂર છે: એક તરફ, બહાઉલ્લાહના પ્રગટીકરણ દ્વારા ઉદ્‌દેશિત આચરણના ઉચ્ચ આદર્શોમાં સમાધાનને કોઈ અવકાશ નથી; તેનું કોઈ પણ રીતે અવમૂલ્યન કરી શકાય નહી, અને બધાએ તેની સર્વોચ્ચ ઉંચાઈઓ પર તેમની દૃષ્ટિ કેન્દ્રિત કરવી જોઈએ. બીજી તરફ, એક વાતનો સ્વીકાર કરવો જોઈએ, કે માનવજાત તરિકે આપણે સંપૂર્ણતાથી ખૂબ દૂર છીએ; અહીં દરેક પાસેથી નિખાલસ દૈનિક પ્રયત્નોની અપેક્ષા રાખવામાં આવે છે. પોતાની નીતિમાત્તા માટે અભિમાન રાખવાથી દૂર રહેવાનું છે.

*

પવિત્ર બહાઈ જીવનની આધ્યાત્મિક જરૂરીયાતોની સાથે, વિચારવાની આદતો પણ વિશ્વવ્યાપી યોજનાના વિકાસને અસર કરે છે અને સંસ્કૃતિના સ્તરે વિચારોના વિકાસને પ્રોત્સાહન આપવાની જરૂર છે. કેટલીક એવી વૃત્તિઓ છે જેના ઉપર ધીરે ધીરે વિજય મેળવવાની જરૂર છે. આવી ઘણી વૃત્તિઓ વિશાળ સમાજમાં પ્રવર્તમાન ખ્યાલોમાંથી પુન: બળ પ્રાપ્ત કરે છે, અને તેમાંથી કેટલીક વૃત્તિઓ સ્વાભાવિક રીતે જ બહાઈ પ્રવૃતિઓમાં પણ પ્રવેશે છે. આ સંદર્ભમાં મિત્રો જે વિપુલ પડકારોનો સામનો કરી રહ્યા છે તેને અમો ભૂલી નથી ગયા. સમાજના શૈક્ષણિક કાર્યક્રમોમાંથી લાભ મેળવીને, તેના વેપાર અને વ્યવસાયમાં શ્રેષ્ઠતા હાંસલ કરીને, તેના સાધનોનો સારો ઉપયોગ કરવાનું શીખીને, પોતાની જાતનો તેની કલા અને વિજ્ઞાનના વિકાસમાં ઉપયોગ કરીને, મિત્રોને તે સમાજના જીવનમાં ઉત્તરોત્તર વધારે પ્રમાણમાં સહભાગી થવા માટે આહ્વાન કરવામાં આવે છે. સાથે સાથે, કોઈએ કદી નિહાળ્યું નથી એટલા વિશાળ પાયાનુ પરિવર્તન સમાજમાં લાવવાના, અને તેની સંસ્થાઓ અને પ્રક્રિયાઓની પુન:રચના કરવાના, પ્રભુધર્મના ઉદ્‌દેશ પરથી તેમણે કદી પોતાની દૃષ્ટિ હટાવવી જોઈએ નહી. આ હેતુ માટે તેમણે, જરાક પણ ગુરૂતાગ્રંથીનો અહેસાસ કર્યા વિના, ગુપ્તતા અને બેપરવાઈભર્યું વલણ અપનાવ્યા વિના, અને સમાજ તરફ બિનજરૂરી ટીકાત્મક

ભાવના રાખ્યા વિના, આચાર-વિચારની પ્રવર્તમાન રીતભાતોની અપૂર્ણતાઓથી એકદમ સતર્ક રહેવું જોઈએ. આ સંદર્ભમાં અમો થોડાક મુદ્દાઓનું વર્ણન કરવા ઈચ્છીએ છીએ.

દિવ્ય યોજનાને લગતા વિશ્વ ન્યાય મંદિરના સંદેશાઓના અભ્યાસને મિત્રો એટલા ખંતથી પ્રતિભાવ આપી રહ્યા છે તેની નોંધ લેતાં મન પ્રફુલ્લિત થાય છે. તેમાંથી પ્રાપ્ત માર્ગદર્શનને વ્યવહારમાં અમલમાં મુકવા માટે અને તેમના અનુભવોમાંથી શીખવા માટે તેઓ જે પ્રયત્નો કરે છે તેમાંથી પરિણમતી ચર્ચાનું સ્તર પ્રભાવશાળી હોય છે. આમ છતાં, અમે એક બાબત નોંધ્યા વગર રહી શકતા નથી કે, જ્યાં મિત્રો સંદેશાઓમાં પ્રસ્તુત દીર્ઘદ્રષ્ટિને તેની સંપૂર્ણતામાં સમજવાનો પુરૂષાર્થ કરે છે એવા વિસ્તારોમાં સિદ્ધિઓનું પ્રમાણ વધારે કાયમી હોય છે; પણ જ્યારે સંદેશાઓમાંથી રૂઢિપ્રયોગો અને વાક્યોને સંદર્ભની બહાર લઈ જવામાં આવે છે અને તેમને સ્વતંત્ર વિચારો તરીકે જોવામાં આવે છે ત્યારે ઘણીવાર સમસ્યાઓ સર્જાય છે. પ્રભુધર્મની સંસ્થાઓ અને સમિતિઓએ શ્રદ્ધાળુઓને મદદ કરવી જોઈએ કે તેઓ આ સંદેશાઓનું વિશ્લેષણ કરે, તેમના ગૂઢાર્થોની અવગણના ન કરે; તેમના પર વિચાર કરે, ફક્ત તેમના શબ્દોને વળગી ન રહે; તેમાં વર્ણવાયેલા વિવિધ કાર્ય ક્ષેત્રોને સમજે, આ કાર્યક્ષેત્રોનું વિભાગીકરણ ન કરી નાંખે. અમે સમજી શકીએ છીએ કે આ કોઈ નાનુંસૂનું કાર્ય નથી. સમાજ તો સુવાક્યોની વધારે ને વધારે વાતો કરે છે. અમને આશા છે કે સંપૂર્ણ અને જટિલ વિચારો સાથે કાર્ય કરવા તથા તેમની સમજ પ્રાપ્ત કરવા માટે મિત્રો જ્ઞાન કેન્દ્રોમાં જે આદતો વિકસાવી રહ્યા છે, તેનો પ્રવૃત્તિઓના વિભિન્ન ક્ષેત્રોમાં ઉપયોગ થતો રહેશે.

સંપૂર્ણ વિષયવસ્તુને એક-બે ધ્યાનાકર્ષક રૂઢિપ્રયોગો કે વાક્યોમાં રજૂ કે ખંડિત કરવાની જે આદત છે, તેની સાથે સંકળાયેલું છે એ વલણ જે વાસ્તવમાં વિરોધાભાસો ન હોય ત્યાં પણ તેમને જૂએ છે. એટલે એ જરૂરી છે કે એક સંપૂર્ણ વિષયના વિવિધ ભાગોની રચના કરતા વિચારોને એકબીજાના વિરોધી વિચારો તરીકે લેવા જોઈએ નહી. શોઘી એફેન્દી તેમના એક પત્રમાં ચેતવણી આપતાં કહે છે: “શિક્ષણોને આપણે એક વિશાળ, સંતુલિત, સંપૂર્ણ વિષય તરીકે સમજવાં જોઈએ, અને તેમનામાં એવા બે વાક્યોને શોધવા ના બેસવું જોઈએ કે જેમના અર્થો વિરોધાભાસી લાગતા હોય; આ વાક્યોને જોડતી કડીઓ ક્યાંક તો મળતી જ હોય છે.” અમને નોંધ લેતા પ્રોત્સાહન મળે છે કે જેમ દિવ્ય યોજનાની જોગવાઈઓ વધારે સમજવામાં આવી રહી છે, તેમ તેમ ભૂતકાળની અનેક ગેરસમજો દૂર થઈ રહી છે. વિસ્તરણ અને દ્રઢીકરણ, વ્યક્તિગત પહેલ અને સામુહિક અભિયાનો, અંતર-ચારિત્રનું શુદ્ધિકરણ અને નિ:સ્વાર્થ સેવાનું દેવાર્પણ -બહાઈ જીવનના આ ઘટકો વચ્ચેના સુમેળભર્યા સંબંધોનો હવે સહજ સ્વીકાર થઈ રહ્યો છે. અમને જાણતાં એવો જ આનંદ થાય છે કે મિત્રો હવે કોઈ નવા તૃટીપાત્ર વિરોધાભાસો તેમના વિચારોમાં ન પ્રસરી જાય તેની સાવચેતી લઈ રહ્યાં છે. તેઓ સુપરિચિત છે કે વિકાસના કાર્યક્રમના વિભિન્ન તત્ત્વો એકબીજાના પૂરક છે. પ્રવૃત્તિઓ અને તેને સહયોગ પુરો પાડતી સંસ્થાઓને એકબીજાના હરીફ તરીકે જોવાની વૃત્તિ, જે સમાજમાં મોટાપાયે પ્રચલિત ખૂબજ સામાન્ય વૃત્તિ છે, તેનાથી આ સમુદાય મુક્ત થઈ રહ્યો છે.

અંતે, સંસ્કૃતિમાં નોંધપાત્ર પ્રગતિ, જેનું અમે ખાસ રૂચિથી નિરીક્ષણ કર્યું છે, તે પ્રક્રિયાઓના સંદર્ભમાં વિચારવાની ક્ષમતામાં વધારાથી સ્પષ્ટ રીતે નજરે દેખાઈ રહી છે. શરૂઆતથી જ શ્રદ્ધાળુઓને તેમના કર્તવ્યોની વ્યાખ્યા કરતી વિસ્તૃત પ્રક્રિયાઓ વિશે હંમેશા સભાન રહેવા માટે કહેવામાં આવ્યું છે, તે પ્રભુધર્મની પ્રથમ રાષ્ટ્રિય યોજનાઓને લગતા ધર્મસંરક્ષકના પ્રારંભિક પત્રવ્યવહારોના કાળજીપૂર્વક અભ્યાસમાંથી પણ સ્પષ્ટપણે દેખાય છે. આમ છતાં, પ્રસંગો, કે યોજનાઓ પર ઉત્તરોત્તર વધારે ધ્યાન કેન્દ્રિત કરતા વિશ્વમાં, અને તેઓમાંથી ઉત્પન્ન થતી અપેક્ષા અને ઉત્તેજનાની ભાવનાથી સંતોષ મેળવતી માનસિકતા હોય ત્યાં, લાંબાગાળાના કાર્યો કરવા માટે જરૂરી સમર્પણ ભાવનાને જાળવી રાખવા માટે નોંધપાત્ર પ્રયત્નોની જરૂર પડે છે. બહાઈ સમુદાયના વિસ્તરણ અને દ્રઢીકરણમાં અનેક પરસ્પર સંકળાયેલી પ્રક્રિયાઓનો સમાવેશ થયેલો છે,

અને તે દરેક પ્રક્રિયા માનવજાતને બહાઉલ્લાહની નવી વિશ્વ વ્યસ્થાના ધ્યેય તરફ આગળ લઈ જવામાં પોતાનો ફાળો આપે છે. કોઈપણ એક પ્રક્રિયા સાથે સંકળાયેલા કાર્યોનો ક્રમ પ્રાસંગિક પ્રવૃત્તિઓના આયોજનનો અવકાશ પુરો પાડે છે, અને સમય જતાં, પ્રવૃત્તિઓ સ્પષ્ટ શરૂઆત અને નિશ્ચિત અંત ધરાવતી યોજનાઓમાં આકાર લે છે. આમ છતાં, જો પ્રસંગો કે ઘટનાઓને પ્રક્રિયાના સહજ વિકાસ ઉપર ઠોકી બેસાડવામાં આવે તો, તે તેના સંગીન વિકાસમાં વિક્ષેપ ઊભો કરશે. જો એક ક્લસ્ટરમાં શરૂ કરવામાં આવેલી યોજનાઓને ત્યાં સંચાલિત પ્રક્રિયાઓની સ્પષ્ટ જરૂરિયાતોની પુરક નહી બનાવવામાં આવે તો તે ખૂબ જ અલ્પ સફળતા પામશે.

પ્રભુધર્મના વિસ્તરણ અને દઢીકરણમાં પરિણમતી પરસ્પર સંકળાયેલી પ્રક્રિયાઓને તેના સંપૂર્ણ સ્વરૂપમાં સમજવું તે દિવ્ય યોજનાના સફળ સંચાલન માટે ખૂબ જ મહત્ત્વનુ છે. આ સમજમાં અધિક વધારો કરવા માટેના તમારા પ્રયત્નોમાં, તમને અને તમારા સહાયકોને વર્તમાન વિશ્વ યોજનાના પાયામાં રહેલો ખ્યાલ, જે ખ્યાલ ખરેખર તો દિવ્ય યોજનાના દરેક તબક્કાના કેન્દ્રમાં રહેલો છે, તેને ધ્યાનમાં રાખવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે, કે આ ત્રણ સહભાગીઓ – વ્યકિત, સંસ્થા અને સમુદાય – ના વિકાસથી પ્રગતિ હાંસલ થાય છે. સમગ્ર માનવ ઈતિહાસ દરમ્યાન દરેક મોડ પર આ ત્રણે ઘટકો વચ્ચેની આંતરક્રિયાઓ ખૂબજ મુશ્કેલી સભર રહી છે, જેમાં વ્યક્તિઓએ સ્વતંત્રતા માટે ઊહાપોહ કર્યો છે, સંસ્થાઓએ શરણાગતિની માંગણી કરી છે, અને સમુદાયે અગ્રહકકનો દાવો કર્યો છે. દરેક સમાજે એક કે બીજી રીતે આ ત્રણેને સાંકળતા સંબધો નિર્ધારિત કરીને, ઉથલપાથલ સહિતના સ્થિરતાના ગાળામાં વધારો કર્યો છે. આજે આ સંક્રાંતિ કાળમાં, જ્યારે માનવજાત તેની સામુહિક પરિપક્વતા પ્રાપ્ત કરવા માટે સંઘર્ષ કરી રહી છે ત્યારે આવા સંબંધો જ નહી પરંતુ વ્યક્તિ, સામાજિક સંસ્થાઓ અને સમુદાયના મૂળભૂત ખ્યાલોમાં અસંખ્ય કટોકટીઓના પ્રહારોનો સતત સામનો કરવાનો રહેશે. વિશ્વભરમાં સત્તાની કટોકટી તેની પૂરતી સાબિતી આપે છે. તેનો દુરૂપયોગ એટલો દુ:ખદાયક છે, અને તે આજે એટલા ઘોર શંકા અને રોષ જન્માવે છે કે, વિશ્વ ઉત્તરોત્તર બિનઅંકુશિત બની રહ્યું છે – અને સામાજિક બંધનોની કમજોરી આ પરિસ્થિતિને વધારે વિનાશક બનાવતી જાય છે.

બહાઉલ્લાહનો દરેક અનુયાયી સારી રીતે જાણે છે કે તેમના પ્રગટીકરણનો ઉદ્દેશ એક નવીન સૃષ્ટિનું નિર્માણ કરવાનો છે. "તેમના મુખેથી નિકળેલ પ્રથમ આહ્વાન પછી તરત જ સંપૂર્ણ સૃષ્ટિમાં ક્રાંતિ આવી ગઈ છે, અને જેઓ સ્વર્ગમાં અને ધરતી ઉપર છે તેઓ બધા એકદમ હચમચી ગયા છે." વ્યક્તિ, સંસ્થાઓ અને સમુદાય – દિવ્ય યોજનાના ત્રણ મુખ્ય ઘટકો તેના પ્રગટીકરણના પ્રભાવ હેઠળ આકાર લઈ રહ્યા છે અને પરિપક્વ બનતી માનવજાત માટે સુયોગ્ય એવો દરેકનો એક નવીન ખ્યાલ વિકસી રહ્યો છે. અસ્તિત્ત્વ જગતની સભ્યતામાં નિર્માણકારી શકિતઓ – જેને માત્ર બહાઉલ્લાહના આદેશોના અનુસરણથી જ મુક્ત કરી શકાય છે, તેનો વિકાસ કરીને, તેમને સાંકળતા સંબંધો ગહન પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યા છે. સહકાર, આદાન–પ્રદાન, પરસ્પર જોડાયેલાપણાની અભિવ્યક્તિ જે મૂળભૂત સ્તરે બ્રહ્માંડને સંચાલિત કરે છે તે આ સંબંધોની લાક્ષણિકતા છે. તેથી તે વ્યક્તિ જ છે, જે કોઈપણ પ્રકારના "વ્યકિતગત હિત અને સ્વાર્થી લાભ"નો વિચાર કર્યા વિના, પોતાની જાતને સમસ્તના માલિક, પરમેશ્વરના એક સેવક તરીકે જૂએ છે, તેની એક માત્ર ઈચ્છા તેના કાયદાઓનું પાલન કરવાની હોય છે. આવી રીતે મિત્રો સમજી જાય છે કે જ્યારે તેમનો પ્રવાહ ઉચિત માધ્યમો અનુસાર દિશાનિર્દેશ પામતો નથી ત્યારે "ભાવનારૂપી ધન સંપત્તિ, શુભ ઈચ્છા અને પ્રયત્નોની વિપુલતા"માંથી ઝાઝું કશું મળતું નથી, એટલે કે વ્યક્તિની "બિનઅંકુશિત સ્વતંત્રતા વિચારવિમર્શ અને બલિદાનથી ઘડાયેલી હોવી જોઈએ," અને "પહેલવૃત્તિ અને કાર્ય કરવાની ભાવના સંગઠિત કાર્ય અને

જનકલ્યાણ માટે સંપૂર્ણ નિષ્ઠા માટેની સર્વોચ્ચ જરૂરીયાતની ગહન સમજદારીથી પુનઃબળ પામેલી હોવી જોઈએ." આવી રીતે કયા ક્ષેત્રોમાં એક વ્યક્તિ ઉત્તમ રીતે પહેલ કરી શકે છે અને કયા ક્ષેત્રમાં માત્ર સંસ્થા જવાબદાર છે તેના વિશે બધા સરળતાથી સ્પષ્ટ સમજ મેળવી શકે છે. "હૃદય અને આત્મા સાથે," મિત્રો સંસ્થાઓના માર્ગદર્શક સૂચનોનું અનુસરણ કરે છે, તેથી, અબ્દુલબહાએ કહ્યું છે તે મુજબ, "કાર્યોનું સુયોગ્ય સંચાલન અને સુવ્યવસ્થા જાળવી શકાય". નિઃશક આ કોઈ આંધળુ અનુસરણ નથી; આ એક એવું આજ્ઞાપાલન છે જે પરિપક્વ માનવજાતના વિકાસની એક નિશાની છે જે બહાઉલ્લાહની નવી વિશ્વ વ્યવસ્થાની જેમ બહોળા પાયે વિસ્તૃત વ્યવસ્થાતંત્રના ગર્ભિતાર્થોની સમજ ધરાવે છે.

અને આવા પ્રજ્જ્વલિત આત્માઓના સંઘમાંથી જેમને શક્તિશાળી વ્યવસ્થાતંત્રની સંસ્થાઓ પર સેવા કરવા આહ્વાન કરવામાં છે તેઓ ધર્મસંરક્ષકના આ શબ્દો સારી રીતે સમજે છે કે "તેમનું કાર્ય આદેશ આપવાનું નહી પરંતુ ચર્ચાવિચારણા કરવાનું છે, અને માત્ર તેમની વચ્ચે જ ચર્ચા કરવાનું નહી પરંતુ શક્ય એટલા પ્રમાણમાં તેઓ જેમનું પ્રતિનિધિત્ત્વ કરે છે તે મિત્રો સાથે ચર્ચાવિચારણા કરવાનું છે." તેઓ "કદી એમ વિચારવા પ્રેરાશે નહી કે તેઓ પ્રભુધર્મના સમુદાયના મુખ્ય આભૂષણ છે, કે ક્ષમતા અને લાયકાતમાં તેઓ બીજા કરતાં સહજ રીતે ચઢિયાતા છે, અને તેના શિક્ષણો અને સિદ્ધાંતોના મુખ્ય સંસ્થાપકો છે." "પ્રભુધર્મ અને માનવજાતના કલ્યાણ અને હિત માટે ખુલ્લા દિલથી, ન્યાય અને કર્તવ્યની ઊચ્ચ સમજદારીથી, તેમની નિખાલસતા, વિનયશીલતા અને તેમની સંપૂર્ણ કર્તવ્યનિષ્ઠાથી, તેઓ જેમની સેવા કરે છે તેમનો માત્ર વિશ્વાસ અને પ્રમાણિક સહયોગ જ નહી, પરંતું તેમનો આદરભાવ અને લાગણી જીતવા માટે" અતિશય વિનમ્રતાથી તેમનું કાર્ય કરે છે. આવી રીતે સર્જિત વાતાવરણમાં, સત્તાધિકારથી સંપન્ન સંસ્થાઓ પોતાને માનવીય શક્તિઓનું પાલન પોષણ કરતા, ફળદાયી અને પ્રશંસનીય ક્ષેત્રોમાં તેનો વિકાસ સુનિશ્ચિત કરતા માધ્યમો તરીકે નિહાળે છે.

આવી વ્યક્તિઓ અને સંસ્થાઓથી રચાયેલો પરમ મહાન નામનો સમુદાય આધ્યાત્મિકતાથી સભર એવું ક્ષેત્ર બની જાય છે, જેમાં સહિયારા કાર્યોમાં શકિતઓનો ગુણાકાર થાય છે. આ એ જ સમુદાય છે જેના વિશે અબ્દુલબહા લખે છેઃ "જ્યારે કોઈ આત્માઓ સાચા શ્રદ્ધાળુ બનવા માટે વિકાસ કરશે, ત્યારે તેઓ એકબીજા સાથે આધ્યાત્મિક સબંધો પામશે અને એવું હેત દર્શાવશે જે આ દુનિયાનું નથી. તેઓ દિવ્ય પ્રેમના ઘૂંટથી પોરસીલા બનશે, અને તેમનું આ મિલન અને સબંધ સદાકાળ ચાલુ રહેશે. જે આત્માઓ તેમના અહમ્‌ને સંપૂર્ણપણે મિટાવી દેશે, પોતાની જાતને માનવજાતની ખામીઓથી નિર્મળ કરી લેશે, માનવીય બંધનોથી તેમની જાતને મુકત કરી લેશે, તેઓ કોઈ પણ શંકા વિના એકતાના સ્વર્ગીય તેજથી પ્રકાશિત થઈ જશે અને અમર સામ્રાજ્યમાં સાચું મિલન પ્રાપ્ત કરશે."

જેમ વધારે ને વધારે ગ્રહણશીલ આત્માઓ પ્રભુધર્મનો અંગીકાર કરી રહ્યા છે અને વિશ્વ યોજનામાં પહેલાંથી કાર્યરત સહભાગીઓના સંઘમાં સામેલ થઈ રહ્યા છે તેમ, વ્યક્તિ, સંસ્થા અને સમુદાયની પ્રવૃત્તિઓ અને વિકાસને શકિતશાળી સંવેગ મળશે જ તેમાં કોઈ શંકા નથી. બહાઉલ્લાહના અનુયાયીઓ દ્વારા આ મુખ્ય ત્રણ ઘટકો વચ્ચે વિકસિત સંબંધોમાં માનવજાત સામુહિક જીવનની એક પ્રણાલિ જોઈ શકશે, જે તેને તેના ઊચ્ચ ભાવિ તરફ પ્રેરિત કરશે. પાવન સમાધિઓમાં આ અમારા અંતરની પ્રાર્થના છે.

વિશ્વ ન્યાય મંદિર